સુચિ


| | | | |
|---|---|---|---|
| કલા | બે બહેનીઓ | ચન્દ્રિકા જોષી | ૨ |
| | શિયાળુ તડકો, લાહોયાને ઓટલે! | | ૨ |
| | આંગણે ઊગેલાં ગુલમહોર! | બકુલ ભટ્ટ | ૨ |
| | English countryside | Kishor Raval | ૪ |
| કવિતા | શબરીનાં બોર | કોકિલા રાવળ | ૫ |
| | થોડામાં રાજી | કિરીટ ગોસ્વામી | ૬ |
| | એણે કાંટો કાઢીને | વિનોદ જોષી | ૬ |
| | ચહલકદમી | કિરીટ ગોસ્વામી | ૭ |
| | મળીએ તો છીએ | જયંત ભૂમેલિયા | ૮ |
| | હડીયું મેલી હેઠાં બેસો | સુરેશ દલાલ | ૮ |
| | ચળચરિત | પ્રદ્યુમ્ન તન્ના | ૯ |
| | આધુનિક શ્રીકૃષ્ણ | પરેશ પંડ્યા | ૧૩ |
| | કાલ અને આજ | નિરંજના દેસાઈ | ૧૩ |
| | બે ગઝલો | રમેશ કજારિયા | ૧૪ |
| | એક છોકરીના હાથથી | રમેશ પારેખ | ૧૪ |
| મારો મમરો | ગુજરાતી ગોકીરોં | કિશોર રાવળ | ૧૫ |
| વાર્તા | ટાઈમમશીન | કિશોર રાવળ | ૧૬ |
| | તુલસીક્યારો | વસુધા ઈનામદાર | ૧૮ |
| | મનસુખ | હિમાંશી શેલત | ૨૩ |
| લેખ | અજબ હમારી આ દુનિયા! | કિશોર રાવળ | ૨૪ |
| | કાચી કેરી, પાકી કેરી | | ૨૬ |
| | ફિલ્માલય | રમેશ કજારિયા | ૨૯ |
| | મનમાનીતી | ચન્દ્રેશ ઠાકોર | ૩૧ |
| વાનગી | રસીલી મકાઈ | કોકિલા રાવળ | ૩૨ |
| | વાચકો કહે છે | | ૩૩ |



બે બહેનીઓ
ચન્દ્રિકા જોષી (કાર્ડિફ, વેલ્સ)
**Pastels**



શિયાળુ તડકો, લાહોયાને ઓટલે!



આંગણે ઊગેલાં ગુલમહોર!
બકુલ ભટ્ટ (હ્યુસ્ટન ટેક્સાસ)
‘કેસૂડાં’ જેવો રંગનો માદક મઘમઘાટ બીજે ગુલમહોરમાં જોવા મળે. આ ભુલાઈ ગયેલાં ફૂલોની યાદ તાજી થઈ!







શબરીનાં બોર
કોકિલા રાવળ



**English countryside**
**Kishor Raval**
**Watercolor**

હરીન્દ્ર દવે

ના મિલનનો કોલ છે કે ના વિરહની વેદના
આ તે કેવું છે કે હું કારણ વગર જાગ્યા કરું.
'કેમ ચાલે છે' ' બધું સારું છે' કહી છુટ્ટાં
પડ્યા
આ અમસ્તી વાતની કેવી અસર, જાગ્યા કરું

હરીન્દ્ર દવે

## કિશોર રાવળ

એણે હસી દીધું અને વિમાસણ વધી ગઈ
મુદત આ ઈંતેજારની નાહક મળી ગઈ
જેવું મિલન થયું કે અજાણ્યા બની ગયાં
સાવ જ અજાણી આંખમાં ઓળખ હતી, ગઈ

## મનોજ ખંડેરિયા

ઉખેળો તો કાયમ ઉખેળાયા કરતો
ન પૂરો થતો કેમે તાકાનો માણસ
ગમે તે તરફથી અડો તો ચીરાશો
બનાવ્યો છે બેધારા ચાકાનો માણસ

લીમડાની લીલી મહેકને પહેરી હવા ફરે
ત્યાં તો કૂંપળની જેમ કશી કોળતી બપોર
પડછાયા વૃક્ષનાય હવે ઓગળી રહ્યા
સૂતેલી વેદનાઓને ઢંઢોળતી બપોર

## મરીઝ

ફરીથી દોસ્તી કરવી નથી મગર પૂછું
તમારી સાથે હતી મારી દોસ્તી કે નહીં

બે ચાર ફૂલ છે, છતાં મારી પસંદગી,
આખું ચમન સજાવી લીધું ફૂલછાબમાં

## શેખાદમ આબુવાલા

હું જગતમાં બધું જ જોવાનો
માત્ર નહિ જોઉં હું કબર મારી

પ્યારની રંગીન લત મોંઘી પડી
આગ  સાથેની રમત મોંઘી પડી
બાગમાં આવો, રહો પણ બે ઘડી
માળીની બસ આ શરત મોંઘી પડી

પ્રેમમાં જીભનું ન કામ કશું
વેણ લાખો વદે નજર મારી
આજ આ દિલ તો કાલ પેલું દિલ
કેવી રંગીન છે સફર મારી

## જવાહર બક્ષી

સમયની પાર બીડેલી મિલનની પળ ઉઘડે
યુગોથી થીજેલ કૈં વમળ ઉઘડે

સુગંધ શ્વાસના દ્વારે અડે ને કળ ઉઘડે
અમારા સ્પર્શમહલમાં સહસ્રદળ ઉઘડે

## અમૃત ઘાયલ

ખુદમસ્ત થઈ જીવન આ પુરું કરી જવાના
બિંદુ મહીં ડૂબીને સિન્ધુ તરી જવાના!

કોણે કહ્યું કે ખાલી હાથે મરી જવાના?
દુનિયાથી, દિલના ચારે છેડા, ભરી જવાના

## ભગવતીકુમાર શર્મા

ગયા ઊડી લીરા કળશની ધજાના
અને મંદિરે મૂર્તિ છે જ અવાચક.
કબૂતરના પીંખાય છે પીંછે પીંછા,
બને તો બને કોણ સંદેશાવાહક?

## શૂન્ય પાલનપૂરી

દાગ દીસે એ દોષ છે કોનો?
રોષ ન કાઢો દર્પણ ફોડી
’નેતિ’નો કૈં મર્મ તો સમજો
અમથી શાને જીભાજોડી



## થોડામાં રાજી

કિરીટ ગોસ્વામી (ચેલા, ગુજરાત)

(‘અખંડાનંદ’ એપ્રિલ ૨૦૦૫માંથી સાભાર)

બસ, થોડામાં રાજી!
આખ્ખુંય આકાશ અમે ક્યાં માગ્યું?
ના જી, ના જી!
અમે તો બસ, થોડામાં રાજી...
આ ધરતી પર કોઈ વૃક્ષનું જોઈ લીલુંસમ હેત,
પામ્યાં પળમાં કેટકેટલા મર્માળા સંકેત!
અવ્વલ તો મોસમની સાથે મેળવતા રહો બાજી!
અમે તો બસ, થોડામાં રાજી...
આ કહેતા કે કાંઈ નથી તે કહેતા કે ખૂબ!
અમને જીવતર લાગ્યું, અવસર જેવું આબેહૂબ!
જીવશું થોડી સમજણ પ્હેરી, થોડાં સપનાં આંજી!
અમે તો બસ, થોડામાં રાજી...



## એણે કાંટો કાઢીને

વિનોદ જોષી (ભાવનગર)

એણે કાંટો કાઢીને મને દઈ દીધું ફૂલ
હું તો છાતીમાં સંઘરીને લાવી બુલબુલ...

પછી ઢોલીએ જરાક પડી આડી તો,
અરે! અરે! ટહુકાથી ફાટફાટ ચોળી,
ઓશીકે બાથ ભરી લીધી તો,
ફર્ર દઈ ઊડી પતંગિયાની ટોળી;

મારે કંદોરે લળી પડી મોતીની ઝૂલ,
મેં તો શરમાતી ઓઢણીમાં સંતાડી ભૂલ.

હવે દીવો ઠારું? કે પછી દઈ દઉં કમાડ?
હું તો મૂંઝારે રેબઝેબ બેઠી.
આઘી વઈ જાઉં પછી ઓરી થઈ જાઉં
પછી પગલું માંડું તો પડું હેઠી!

હું તો પડછાયો પાથરીને કરતી’તી મૂલ,
કોઈ મારામાં ઑગળીને પરબારું ડૂલ...



## ચહલકદમી

રમણીક અગ્રાવત (નર્મદાનગર ગુજરાત)

(‘અખંડાનંદ’ એપ્રિલ ૨૦૦૫માંથી સાભાર)

ચુપચાપ ખીલતી સવારના ધુમ્મસમાં
ઝાંખાં ફૂલો વચ્ચે ઊઘડતા ઉજાસમાં
આત્માને શીખવવાની પાપા પગલી
બોલું બોલું થતાં અટકી રહે રસ્તાઓ
સાવ અચાનક ખભે હાથ મૂકી ચમકાવી દે
અજાણી સુગંધો
નિભાવે સાત ડગલાંનું સખ્ય વૃક્ષો
પાછળ પાછળ પગલાં સૂંઘતી ફરે સ્મૃતિઓ
સંબંધો જાગી જાય
તે પહેલાં
મૌનની કેડી પર
વેરી મૂકેલાં મોતી વીણતાં વીણતાં
નીકળી પડવાનું ચુપચાપ

## મળીએ તો છીએ

જયંત ભૂમેલિયા (ચાવડાપુરા, ગુજરાત)

(‘અખંડાનંદ’ એપ્રિલ ૨૦૦૫માંથી સાભાર)
મળીએ તો છીએ રોજ રોજ.
સમય ને સ્થળ -
મરજી મુજબ નહીં,
અનુકૂળતાએ ગોઠવતાં.
ને પછી છુટ્ટેછુટ્ટાં.
અમે કરતાં કરતાં તો
હાલકડોલક નાવમાં
આવી ગયાં શાંત સમંદર વચ્ચે.
મળીએ તો છીએ,
ભળીએ, ચાલ હવે.
ત્યાં દૂર દૂર
સાગર ને આકાશ...
આંગળી ચીંધી નજરની
બતાવી શકીએ એ બે વચ્ચે ભેદરેખા?
------
તો, ચાલ, ભળી જઈએ એમ જ,
પણ-
જો આપણામાંથી એક જરા ઝૂકે
ને બીજું વિસ્તરે...



## હડીયું મેલી હેઠાં બેસો

### સુરેશ દલાલ ( મુંબઈ )

(કવિતા સંગ્રહ ’અખંડ ઝાલર વાગે‘માંથી સાભાર. આ સંગ્રહમાં સુરેશ દલાલે એ નવો અખતરો કર્યો છે. એમના જ શબ્દોમાં ’આપણા મધ્યકાલીન કવિઓની પ્રથમ પંક્તિ પરથી જે સૂઝ્યું તે લખ્યું. આ બધાં જ કાવ્યો વહેલી સવારે લખાયાં છે...હું જરૂર માનું છું કે સૂતાં પહેલાંના મૌન અને જાગ્યા પછીના મૌનમાંથી કશુંક પ્રગટ્યું હોય એવું મને લાગે છે.‘ કેટલાંક ધુરંધરીઓ છંછેડાઈ ગયા છે કે પોતાને આવા મહાન કવિઓની સરખામણીમાં મૂકવાની આવી ધૃષ્ટતા! હુંઆને વહાલ, આદર દર્શાવવાનો એક જુદો પ્રકાર જ ગણું છું. મેં અનુભવ્યું છે કે કોઈ કોઈ વાર કોઈની લખેલી કવિતા વાંચતા મને એને અનુસરતી એક બે કડી લખવાનું મન થઈ આવે છે. પણ તમે જ નક્કી કરો...માધવસાહેબના એક ગીતની પંક્તિ પરથી રચેલું કાવ્ય વાંચો)

હડીયું મેલી હેઠાં બેસો, શીદ હડાકા ખાવ રે’
સૂક્કે દરિયે ડૂબી ચાલી કાગળની આ નાવ રે

મન જેવી કોઈ ગુફા નથી
ત્યાં વાળો તમે પલાંઠી જી
સ્હેજે ઊંડે જઈ જુઓ કે
ક્યાં ક્યાં કેવી આંટી જી

ફૂલણજી થઈ હરોફરો છો ઢાંકો છો સૌ ઘાવ રે
સૂક્કે દરિયે ડૂબી ચાલી કાગલની આ નાવ રે,

જરીક ગાજર દીઠું ત્યાં તો
સળવળ શાને થાય રે?
ભરવસંતે કોયલ મૂંગી
ઘુવડ ગાણાં ગાય રે

જીવન વિના જીવવાનો આ કેવો અભાવી ભાવ રે
સૂક્કે દરિયે ડૂબી ચાલી કાગળની આ નાવ રે

## ચળચરિત

### પ્રદ્યુમ્ન તન્ના (કોમો ઇટાલી)

(મેં જાણ્યા હતા પ્રદ્યુમ્ન તન્નાને ધીર-ગંભીર સંવેદનશીલ કવિ અને
આ અછાંદસ કવિતા વાંચી એક મજાકિયા માણસનો પરિચય થયો.
અંગ્રેજીમાં ‘સેવન ઈયર્સ ઇચ’ કહેવાય તેવી આ પરંપરાથી ચાલતી આવતી નડતી, કનડતી, મન બહેલાવતી ચળમાં ચંચુપાત કરાવે છે.
પોતે ‘રઘુવંશી લવાણા’ છે એનું પણ જ્ઞાન થયું અને મારા મોં પર સ્મિત ફરકી ગયું....)

## કિશોર રાવળ



વાધતાં ગયાં વરસો બીચ
ઊભરતી રહી
વ્યાધિઉપાધિઓ થકી
ઘર કરી ગઈ કેટલીક
ઓછી હોય એમ
એક નવી જ
આવી ભળી છે આજકલઃ
ચળ!
અણધાર્યી ને અકળ
ના કોઈ સ્થળ
કે સમયનો બાધ.
અચિંતાની જ ઉપડે.
પીઠ, છાતી કે બગલ,
પાય, પીંડી કે સાથળ પરે
ફરતી ફરે.
જરીય જો થઈ બેસે થીર-
તો પછી ચળ શેં કહેવાય?

ઘરમાં તો ઠીક,
ના સહેવાય
તો ખણી લેવાય.
ગમે ત્યાં.
ગમે ત્યારે.
શમે ત્યાં લગ.

પણ બા‘’રે?
વિચારો તો ખરા -
તડામાર ધપતી ટ્રેનના હેલા
ને ખીચોખીચ ભર્યા
ઉતારુઓના ઘેરા બીચ,
એક હાથ ખરીદીના વજની થેલા
ને બીજે ઝૂલતા ગાળિયાને ઝાલી
જહેમતે પંડ જાળવતો ઊભો હોઉં
ત્યારે તો અચૂક
સવળે મારી વ્હાલી!

બીજે ક્યાંય નહીં
ને ધરાર વાંસા વચાળ!
આરંભે
રુંવાટી થકી સરતી
કીડીની જેમ ગલીપચી કરતી
ને પછી બળબળ ભરતી ચટકાં
માગે
રતિકીડાનાં નખોરિયાં શી ખણ!

મોકળાશમાંયે જયાં
માંડ પોગે હાથ
ત્યાં એ સ્થિતિમાં
યત્ન તો શું,
એ વિષે વિચારવુંયે વ્યર્થ!
દરમિયાન
દાબમાં ના રહેતાં અંગોની અકળામણ
થકી હલી ઊઠતાં
અડીઅડીને ઊભાં જણ.
અવળો જ તારવે
નિજી વ્યથાનો અર્થ!
મચકોડાય
અવ લગ નિર્લેપ મોઢાં,
વરતાય કોણીના ગોદા
ને ચંપાતા પીઠપડખાં થકી
હળવી રણક
શી સરે છણક
‘ઉફ્ફ! સિન્યોર...’
ત્યહીં
સહજ પોતીકી ભાસતી
અણદીઠને
શેં કહેવાય કે
‘છોડી!
હળુક આંગળિયું સેરવી
ખણી દે ને થોડી
આ ક્યારથી તલખતી પીઠને!’

અવારનવાર આમ ખણી દેતી
ભાર્યા ક્યારેક કહેતીઃ
‘ક્યા લગ હાલશે આમ?
પાસના ડર્મેટોલોજિસ્ટને દાખી,
કારણ પરમાણી
લખાવી લાવો
એકાદા અકસીર મલમનું નામ’

એની ક્લિનિકમાં
ઉઘાડાં કીધાં અંગો ત્વચાને તપાસતાં,
ધીમે તાપ શેકાઈ
ગોળપાપડી શો

## કિશોર રાવળ



એનો લાલ બદામી વાન
ને ગુહ્યાંગને ઢાંકતી
ચાર આંગળની ચડ્ડી તળેથી ડોકાતા
ગૌર કલર કૉન્ટ્રાસ્ટને ચીંધી
જીભ તત્કારતા તજ્જ્ઞે કીધુંઃ
'તમારી પીડાનું મૂળ કારણ જ છે
આ આવડો સનટૅન!
હું તો કાયમ વારતો રહું છું
અહીં આવતાં સહુને.
ફૅશનની લાયમાં
નાનાવિધ લોશન આડેય
આકરા ઉનાળું તાપે તવાઈ
શુષ્ક થતી જતી ત્વચાને પછી
ચળ ના ઉપડે તો જ નવાઈ!
ખરે જ ખતરનાક છે સૂરજ.
મારું ચાલે તો નકી
સહુને દૂર જ રાખું
એના આળઝાળ તડકા થકી!'

લોમ્બાર્ડિયાના પહાડી પ્રદેશની
આઠેક માસની આકરી ટાઢ
અને ભેજ મહીં ઠીંકરાતાં રહ્યાં ગાત,
મોન્તેસિલ્વાનોના રેતાળ તટ પરે
ઉઘાડાં લંબાવી, મનભર તડકે તપી
અદ્રિઆતિકનાં નીલાં જળમાં નહાવા
કેટલાં તત્પર હોય
એ આ પેઈલફેઈસ ત્વચાતજ્જ્ઞ શેં કળે?

વળી આજ લગ ભીતર ભરી
ને રહી રહી જે ગીત થઈ સરી
એ ઘેનભરી બપોરનાં
ઝળાંહળાં તેજતડકાનું શું?
ભલે ઉપડતી
નડતી, કનડતી ચળ!

ને ચળ તો ભાતભાતની
અભરે ભરી.
પહેલી તો જેને ઊપડે
એને જ બહુધા નડે, કનડે
પણ બીજી તો પોતીકાંપરાંયાં,
જાણ્યાંઅજાણ્યાંનેય
યેન કેન પ્રકારેણ સંડોવતી,
આરંભે અચળ
પણ પછી કેમ ને ક્યારે
વિવશ, પરવશ
થતી જતી ક્યાં જઈ વિરમે
એની કોઈનેય નથી હોતી જાણ!

આવાં અનેક ચળચરિતે
ભર્યાં છે આપણા પુરાણ!

'ટાંકો ને એકબે દૃષ્ટાંત.'
તો એક દી શિવજીને ઊપડી
આવી જ કો' '
અઘોર વનમાં પદ્માસન વાળી
થઈ બેઠા અચળ
ને માંડ્યા અખંડ જાપ!

દેવ બધાય વિમાસેઃ
'આ ભોળા ભભૂતગરને
એવો ક્યો પડ્યો ખપ
કે આદર્યું આવડું કઠોર તપ?'
ડોલાયાં ચૌદે ભવન
ડોલ્યું ઈંદરનું આસન.
ને વ્યથિત નરેશે
ભરી સભામાં ફેરવ્યું
ઈંદ્રાણીએ જાતે વાળ્યું તાંબુલી બીડું
પણ સાવ ભીરુ
થઈ બેઠો દેવગણ,
જાજમને તાકતો રહ્યો, ઢળ્યે નેણ
ફણિધરને ચેડવાની કોઈનીય ન હતી દેન!

'મન્મથ ક્યાં?'
ભરી સભાને માપતો વાસવ વધ્યો.
'વાંઢાઓની વરદીએ ગ્યો છે, રાજ!
પૃથ્વી પરે, 'પવને કીધું.
'અરે -- પટ તેડી આવ!'

પાવડી પહેરી ઊપડ્યો પવન
ને ઘડીકમાં તો એને
આણી ઉતાર્યો સભા વચાળ.
મન્મથ, મદન, મનોજ,
કંદર્પ ને કામ-
શાં નાનાવિધ જેનાં નામ.
વીસેક સાલનો પાતળિયો.
ભારે રૂપાળો
ને અમરાપુરીમાં હર કોઈને વહાલો.
વળી એટલો જ નખરાળ ને બાંકો.

મારકણે નેણ જેનેય અડે
એને હિયે એષણાનાં ઘોડાપૂર ચડે!
આંખ્યું ભીડી અચળ બેઠાં
ભલભલાં સમાધિસ્થનેય ચલિત કરે
એનાં પંચબાણ વડે!

## કિશોર રાવળ

ને ઓછોય ન જતો
એની આવડનો ફાંકો.

રાજાને ફરમાન ઊપડ્યો
ઉછીની લઈ પવન પાવડી.
પણ
અઘોર વનમાં ઊતરતાં પહેલાં જ
વરત્યો કો'' અણપ્રીછ્યો ધાક.
તપને ધખારે
હેઠળ, ચક્રાકારે,
બધું બળીને થઈ ગયું હતું રાખ!
પળ હળવા ભૂકંપ શો
ફરકી ગયો વહેમ.
'રખેને ક્યાંક
એનાય --'
પણ તુરંત મરોડ્યું મન ...
ન હતો મન્મથ અમથો!

નીચા લળી
પરેથી જ લઈ નેમ
છોડ્યું ભાથાનું પહેલું શર.
ઝબ્બ જળી ઊઠ્યું
ધખને કૂંડાળે ગરતાં જ!
ધડકતે ઉર પાછી લઈ નેમ
એકીસાથ છોડ્યાં ત્રણ.
પણ એય
ઝબ્બ કરતાં જ
જળી ઊઠ્યાં પહેલાંની જેમ!

ક્યાં થઈ ભૂલ?
અવ તો રાજાની આણ
ને નિજી શાનનાંય થાતાં હતાં મૂલ!
'રખે હજીય ના થાય ધાર્યું-'
ઘડીક વ્યાકુલ જીવે વિચાર્યું
ને મોકળે મન
ઉતાર્યો બધોય તોર
ને ઠાલાં દોરદમામ
પછી ભાવે સમર્યા
ઘણાય પુનિતપાવન નામ.
પરથમ દુંદાળો ગણેશ ને શિવસતી,
પછી દેવીદેવતાં ને જોગીજતિ.
અંતે પ્રાણથીયે પ્રિય
એવી નિજી રતિને સમરી
છોડ્યું છેલ્લું શરઃ
નિલોત્પલ.

ને તંગ
બીડી દીધાં નેણ.
ભીડતાં જ વરત્યાં
દશે દિશ વિસ્તરતા
આદિએષણાના તરંગ પે તરંગ!
તો શું નીલોત્પલે
શિવસમાધિ મહીં આખર
ખરે જ પાડ્યો હતો ભંગ?

રોમાંચે નેણ ખોલી
હજી ભાળે ન ભાળે
ત્યાં જ જળી ઊઠ્યો
ત્રીજા શિવલોચનથી ફૂટી
'લેઝર' શી તાતી અગનઝાળે
ને થઇ ગયો ભસ્મીભૂત!

ક્ષણમાં તો
ચૌદેય લોકે મચી રહ્યો હાહાકાર.
પૃથ્વીપરે તો અવર્ણનીય.
વિચારો જરા-
કામેચ્છા વિણ
સંતતિ શે સંભવે
ને સંતતિવિહોણી તો
સાવ વાંઝણી થઇ બેસે ધરા!

સિંહાસનની લાય
આડે ઈંદરને મળ્યાં
અણગણ લોકોનીન હાય અને શાપ.
કોઈથીય
કેમે જોવાતો ન હતો બાપડી રતિનો વિલાપ!
પણ ભસ્મીભૂત થયો કામ
ફરી જીવિત શેં થાય?
દૈવી ધારાઓ અનુસાર
ખુદ બ્રહ્માથીય
એક વાર ઘડ્યું
પુનઃ ના ઘડાય!
કેવળ મહાદેવ જ
પાછો વાળી શકે
ભસ્મિત કામનો કાયાવિહોણો પ્રાણ!
ને પરમ પ્રેમનીય શી અનોખી ગતિ...
એવો તો એવોય
મહાદેવ કનેથી આખર
જલમજલમનો નિજી ભરથાર
પાછો મેળવીને જ રહી રતિ!

ત્યારથી અનંગ કહેવાતો કામ
ક્યારે આવી ચડે છે સહુને કંધ,

## કિશોર રાવળ

એની નાનાવિધ ડિઓડરન્સ આડે
કોઈનેય નથી આવતી ગંધ!
વાસ્તવમાં.
અવ એને પૂછતુંય નથી કોઈ.
એની કશીય દરમ્યાનગીરી વિણ,
ઠેર ઠેર ઊઘડતાં જતાં
સાઈબર કાફેમાં જ
બેઠાં બેઠાં.
ઈન્ટેરનેટ થકી
કરી લે છે
અપની અપની પસંદ!

કહું હવે
કાંચનમૃગનીય કાંચળીનો
કમખો પહેરવાની
જાનકીને ઊપડી ચળ વિષે:

ભલા!
દંડકારણ્યની ગાઢ વનરાજિ
બીચ વસતાં રાની પશુપંખી
ને નાગાંપૂગાં, અણઘડ
આદિવાસીઓ સિવાય
વૈદેહીના કમખાની ઈરખા
કે વખાણ કરે એવું
ઓર કોઈ હતું ક્યાં
તે લીધી આવડી રઢ!

‘કાં, રાજા રામ ન હતા?’

‘હતા. પણ ખરેખાત
ને કાનમાં કહું તો
રાઘવને નિજી ભાર્યા
સાવ કમખા વિનાની જ
વધુ ગમતી હતી!’

‘તે તમે ક્યાંથી જાણો?’

‘કેમ ના જાણું?
હું ય છું ને રઘુવંશી લવાણો!
નિજ ગમાઅણગમા થકી
પૂર્વજના ઓરિયાનેય
નો ઓળખે એમનો વંશ?
નથી કહેતાં કે એવું
ને બીજું ઘણુંય તે
અકબંધ ને પેઢીઉતાર
હાલ્યું આવે છે
આપણાં ક્રોમોઝમ મહીં’

રહ્યો દેર લખમણ
પણ
ઈ બાપડાએ તો
પાંપણ ઉઠાવી
નિજ ભાભીનું મોઢું્ય
ભાળ્યું નહોતું કદી!
એને તો ઓળખ હતી
સિયામાઈનાં પુનિત પાય
ને રણકતાં નેપુરની!

સારાંશે
રામાયણની
એ પછી રચાતી ગઈ
રામાયણ
આખીય ઉદ્ભવી
આ ચળને કારણ!

અસ્તુ.
અવ અટકું અહીં.
અ મિશ્રિત,
ચળનિર્મિત
વિષયવસ્તુ
થોડું જચે કે પછી ના જચે
તોય ઉપકૃત કરજો
પ્રતિભાવની પત્તરપાંખડી
કે પંચાક્ષરી પરચૂટણ જરી

વધુ ક્યારેક ફરી...



## આધુનિક શ્રીકૃષ્ણ
પરેશ પંડ્યા

આધુનિક શ્રીકૃષ્ણે
કુરુક્ષેત્રના રણમેદાનમાં
અર્જુનને કહ્યું
હે પાર્થ,
હવે વિશ્વરૂપદર્શનની
કોઈ આવશ્યકતા નથી
મૂષક ધારણ કર
અને કોમ્પ્યુટરમાં
ઈન્ટેરનેટ પર
સર્ફિન્ગ કરી લે



## કાલ અને આજ

નિરંજના દેસાઈ (વેસ્ટ હૅરો, યૂ.કે.)

(કાવ્ય સંગ્રહ ‘આવતાં રે’જો’માંથી સાભાર. હું તો આનું મથાળું ‘સાંપડેલું અને સરી ગયેલું’ રાખત. )

એક સમે-
હું ખુલ્લા પગે ચાલતી હતી!
આજે-
ઊંચી એડીના શૂઝ પહેરી ફરું છું.
મારા પગ નીચેની જમીનને હું અડતી નથી,
ધરતીનો સ્પર્શ ને પૂર્વે માણેલી લાગણીઓનો
આજે અનુભવ કરી શકતી નથી!

એક સમે-
હું વૃક્ષો પર ચડતી હતી!
પવનમાં ઝૂલતી
ઊંચી ડાળીઓ સાથે હીંચકા લેતી હતી!
આજે,
ઊંચા આકાશને અડતાં
બિલ્ડિન્ગના પગથિયાં ચડું છું,
કે લિફ્ટમાં અધ્ધર પધ્ધર ઊંચે પહોંચું છું-
ખુલ્લા હવામાનની કોઈ યાદ નથી!

એક સમે-
હું તાજાં રસાળ ફળ ખાતી હતી.
આજે
હું ટિન ખોલી ફળ ખાઉં છું!
એક દિ’ મનભરી માણેલાં
ફળોનો સ્વાદ ભુલાઈ ગયો છે!

એક સમે-
રાતના હું એકલી ફરવા જતી,
આજે,
હું મારા રૂમમાં આંટા મારું છું.
કારણ?
સ્વતંત્ર, મુક્ત-નિર્ભયતા ક્યાં જણાતી નથી

## બે ગઝલો

રમેશ કજારિયા

તમારી નજરના ઈશારા મેં જોયા
પ્રેમ સમંદરના કિનારા મેં જોયા
દિલબર, મારી ગુસ્તાખી માફ કરજો
અચાનક ધોળા દિવસે સિતારા મેં જોયા

દાનત હતી ખરાબ હવે કોણ માનશે?
પીધી નહોતી શરાબ હવે કોણ માનશે?
બે નશીલી આંખોથી એક દિલને ડૂબાવી ગયા
એવો બધો હિસાબ કોણ માનશે?



## એક છોકરીના હાથથી ...
### રમેશ પારેખ

(રમેશ પારેખે આપણને ગુજરાતીઓને જ્ઞાન કરાવ્યું કે માંજયા વગર પણ શબ્દો પણ કેવા ચળકી શકે છે.

'કવિતા' જૂન-જુલાઈ ૨૦૦૬માંથી સાભાર)

એક છોકરીના હાથથી રૂમાલ પડે
તે લેવા આખુંયે ગામ વળે નીચે
જુવાન આંખ ફાડે; બુઢ્ઢાઓ આંખ મીંચે
'નામ કોનું રૂમાલમાં આ છોકરીએ ભર્યું છે'
તે બાબત પર ઠેર ઠેર ગરમી
પડ્યા ગામના બગીચાઓ ખાલી ફુંજાર
અમે નાસ્તિકો થઈ ગયા ધરમી

કારણ કે મંદિરે જાય છોકરી તો
લોક શું કરવા ટળવળે બગીચે?

ગંધ છોકરીની આવી જે જીવને
તે જીવની ગંભીરતામાં પડી ગયો ગોબો
સહુ છોકરાને અરીસાઓ ઠપકો આપે કે
' જરા મોઢાંઓ માંજો ને શોભો!'

કારણ કે ફળિયાના હીંચકે આ છોકરી
એકલી બેસીને રોજ હીંચે.



## મારો મમરો
## ગુજરાતી ગોકીરો
### કિશોર રાવળ

મારો એક દોસ્ત છે જે વર્ષોથી અમેરિકામાં રહે છે. આમ તો એને સુખી જીવડો કહી શકાય! એણે એક વખત જરા દિલ ખોલી મને કહ્યું, "કિશોરભાઈ, ઘણી વખત અકારણે મન કોઈ ઘેરી નિરાશામાં ઘુમરાઈ જાય, ગળે ડૂમો આવી જાય, પીઠ પાછળ વિચિત્ર ઓળાઓ ઝઝૂમતા હોય એવું લાગે ત્યારે, વાત વધુ વણસે એ પહેલાં, હું ગાડી મારી મૂકું અને ઍડિસનના, ચોપાટી પાસેના ચોકમાં જઈ, સેલફોન બંધ કરી ખિસ્સામાં નાખી, આંખો બંધ કરી, મારા કાન બને તેટલા પહોળા કરી ઊભો રહું. આજુબાજુનો ગુજરાતીમાં થતો ગોકીરો સાંભળું અને મન એક અનેરી શાતા પામે. મારું બીપી સૅવન્ટીઍઈટ ઓવર વનટ્વૅન્ટી થઈ જાય અને હૃદયમાં આશાનો ઉદય થાય!"

આપણે અવારનવાર સાહિત્યને બહાને ભેગાં થયાં છીએ તેમાં વાત તો ગુજરાતીમાં ગોકીરાની જ છે ને? મને યાદ આવી ગયું જ્યારે હું પહેલી વાર પૅરિસ ગયો હતો. જ્યાં જઈએ ત્યાં આજુબાજુ એક અપરિચિત ભાષામાં થતો ઘોંઘાટ જરા ગૂંગળાવનારો લાગ્યો, થોડા ભયભીત થઈ જવાય તેવો લાગેલો. એટલે આ મિત્રની વાત તરત જ મનમાં બેસી ગઈ.

સાહિત્યરસિકો અવારનવા ભેગાં થાય છે. મૂડ પ્રમાણે નવા-જૂના કવિઓ, વાર્તાકારોની કૃતિઓ સાંભળીએ, કોઈનાં રસાસ્વાદો મરજીવાની જેમ અંદર ડૂબી માણીએ અને ધન્ય ધન્ય પોકારીએ. ગુજરાતી ભાષાના સૌંદર્યનો સાક્ષાત્કાર થાય અને વાહ કેવી મારી માતૃભાષા, સ્વર્ગાદપિ ગરિયસિ કહેતાં રાચીએ. અને એવોજ કોઈ નાદ મને વળગ્યો ન હોત તો હલેસાં મારતાં મારતાં ‘કેસૂડાં’એ સાત વર્ષ તાણી ન નાખ્યાં હોત. ગુજરાતી ગોકીરો બીજાં કરતાં કાંઈ ઓછો મીઠો છે?

આવાં ગ્રૂપમાં ક્યારેક આવતી પેઢીને આનો પાનો કેમ ચડાવવો તેની ચર્ચાઓ ચાલે. આપણી અને આવતી કાલની પેઢીની વચ્ચેની ખીણ કેમ પૂરવી તેની વાતો થાય. અમેરિકામાં ઉછરતાં બાળકોને ગુજરાતી શીખવવાના અનેક પ્રયાસો પછી હાથ ધોઈ નાખનાર એક મિત્ર યાદ આવે છે. એ કહે, ‘ઘણાં પ્રયત્નો કર્યા પણ સાલાંઓ શીખવાજ નથી માગતાં’. કેટલાંક ‘અમે આ સાધનો ખરીદ્યાં, આ ચોપડીઓ ધરી, આવા આવા વર્ગો કાઢ્યા’ તેની વાત કરે. કોઈ દાદા કહે કે, ‘મારા દીકરાના દીકરાએ મને કહ્યું, ’દાદા, તમે આજે લીવ કરવાનાં? અગેઈન ક્યારે રિટર્ન થવાનાં?‘ અને છોકરું ’રોટલી, દાલભાત, લાડુ‘ બોલે એ સાંભળી મોંમાં લાડવો ખાધા જેટલો આનંદ પ્રાપ્ત કરે. કોઈ વળી જોડકણા, રામાયણ-મહાભારતની વાતો કહી ગુજરાતી સંસ્કારો પોષવાના પ્રયત્નો વર્ણવે. હજુ કોઈએ ઈન્ટ્રા-વીનસ માર્ગ શોધ્યો નથી એટલું જ રહ્યું છે.

‘સાલાંઓ શીખવા જ નથી માગતાં’ એ શબ્દો મને આકરા લાગ્યા. આપણે શા માટે ગુજરાતી શીખવાડવાનો આટલો આગ્રહ રાખીએ છીએ? આપણી સાથે એ વાત કરી શકે એટલે?

મને બાળકો ગુજરાતીમાં ગોકીરો કરે તે ગમે પણ એટલા માટે જ ગુજરાતી શિખડાવવું એ બહુ ગળે ઉતરે એવી વાત નથી.

મારાં છોકરાંઓ ગુજરાતી સમજે છે, ક્યારેક થોડું બોલે પણ છે, વાંચવાનું? શૂન્યવત્! આપણી પછીની અહીંની પેઢી લખે પણ છે, ખૂબ જ સરસ, ફ્રેશ, અદ્‌ભુત, નચાવી દે તેવું -પણ અંગ્રેજીમાં. વિવેકી છે એટલે આપણી વાતો, વાર્તાઓ સાંભળી, સમજાય ન સમજાય પણ હોઠને એક ખૂણે મરકે છે. સારું લાગે છે.

પણ ત્યાર પછીની પેઢી જરાય ડિપ્લોમેટિક નથી. બે દિવસ પહેલાંનો જ મારા ગ્રાન્ડસન સાથેનો સંવાદ સંભળાવું? બધા દાદાઓમાં હું અપવાદ શાને બનું ?મારા ખોળામાં બેસી, મારા ગળે હાથ નાખી પૂછતો હતો, **"Dada, why do you sometimes speak funny?...were you once really a small boy like me? I do't believe it. You are kidding, aren't you? Tell me a story when you were small. Did we go out and play in the snow together?"**

મને અંગ્રેજી સમજાય છે અને મારા ગ્રાન્ડસન સાથે એમાં વાતો કરવામાં મને કશી ખોટ સાલતી નથી.

કાનમાં મને પંકજ મલિકના અવાજ ગણગણે છે

"નયા જમના ફિર આયેગા
જાન ને વાલે જાનેંગે
હમ કો ન પહચાનેગા જો કોઈ
હમ ભી, હમ ભી ક્યૂં પહચાનેંગે,

આ જા, આ જા"

એવું તો થવા જ કેમ દેવાય? મારી નવી પેઢી સાથે વાતો કરવા મારે અંગ્રેજી શીખવી પડે, તો એ શીખીશ, અને ચાઈનીઝ કે જાપાનીઝ કે સ્વાહિલી શીખવી પડે તો તે પણ!

પણ મને એમ તો થાય કે નવી પેઢીને ગુજરાતી શીખવાનું મન થાય એવું કંઈ શોધી શકાય તો નરસિંહ મહેતા, ઉમાશંકર જોષી, પ્રહ્‌લાદ અને રમેશ પારેખ, માધવ રામાનુજ, કે પન્નાલાલ પટેલ કે પન્ના નાયક આપણી પેઢી પછી ખોવાઈ ન જાય?

## ટાઈમમશીન
### કિશોર રાવળ



અંગ્રેજી લેખક એચ. જી. વેલ્સે ટાઈમમશીનની એક વાર્તા લખી છે. જેમ મોટરમાં બેસી તમે તમે પૂર્વ-પશ્ચિમ, ઉત્તર-દક્ષિણ જ્યાં જવું હોય ત્યાં જઈ શકો તેમ ટાઈમમશીનમાં તમે ભૂતકાળમાં જઈ શકો કે ભવિષ્યમાં! તમે સુખલાલને ગયે વર્ષે જોયા હોય અને આજે જુઓ તો આજે દસ-બાર વર્ષ જુવાન લાગે, જાણે કે ટાઈમમશીન ઊંધી દિશામાં ફેરવી તાજી કોપી કાઢી ન હોય! એ સુખલાલની વાત સાંભળવા જેવી છે. તમે બોલી ઊઠશો કે એચ. જી. વેલ્સ જિન્દાબાદ!

સુખલાલના સંસારને સડાવતો કીડો હમણાં હમણાં ચોમાસું ચરીને ધીંગો થઈ ગયો હતો. અને આજે વાત એટલી બધી વધી હતી કે એનાં ઉદ્‌ભવનાં કારણો આજે સ્મૃતિપટ પર ઝાંખા ઝાંખા થઈ ગયાં હતાં. કીડાના ઊઠમણાની પણ કોઈ શક્યતા નજીકમાં કળાતી નહોતી. પણ એટલું તો સાચું કે જેવા સુખલાલ અને સુનીતાબેન એક બીજા પાસે આવે એટલે સુનીતાબેનનો પારો ઉપર ચડે અને શબ્દો માઝા મૂકી બન્ને વચ્ચેના ઘર્ષણને સાકાર કરે અને સુખલાલ મનના તળ સુધી ડૂબકી મારી ક્યાં ખોવાઈ જઉં એવી વિમાસણમાં પડે.

એટલે સુખલાલ સાન્નિધ્યના હર કોઈ સંભવથી દૂર દૂર રહેતા. એવી કોઈ કોઈ ક્ષણોએ ભાગીને એના મિત્ર ગુણુભાઈને ઘરે સુરત પહોંચી જતા. બન્ને મિત્રો અવારનવાર મળતા રહે. ગુણુભાઈને સુખલાલના ગૃહપ્રધાનનો પરચો થયેલો એટલે ગુણુભાઈ મુંબઈ જાય તેનાં કરતાં સુખલાલ ગુણુભાઈને ત્યાં સુરત જઈ મળે તે બન્નેને વધુ રુચિકર હતું અને બન્નેને એ ફાવી ગયું હતું. સાથે મળે ત્યારે દિલ બહેલાવે તેવી વાતો કરે. જૂનાં ગીતોની ટેપ સાંભળે, મોઢે થઈ ગયેલા નાટકોના વાર્તાલાપો ચર્ચે, સાહિત્યના બધા રસો હલાવી હલાવી, ચાટીને માણે અને અચૂક જ ગુણુભાઈ તેમની નવી કવિતાઓ સંભળાવે. સાંજને પહોરે લટાર મારવા નીકળે અને સુરતની ચોપાટીએ જઈ તાપી નદીને કિનારે, પાળી પર જઈ બેસે. પ્રવીણાબહેન જૈન પ્રણાલિકા મુજબ અવ્વલ નમ્બરની રસોઈ કરે. ભારોભાર કેસરવાળા પેંડા માટે પ્રવીણાબહેન વખણાતાં એટલે એનો પુરવઠો તો હમેશા ઘરમાં હોય જ! જુદી જુદી સારી વાનગીઓ બનાવી સવાર સાંજ પીરસે અને સુખલાલની કાયામાં કૌવત આવે...

આ વખતે ગુણુભાઈએ એક દિવસ સૂચન કર્યું કે પાછલી શેરીના અપાશરામાં એક નવા કીર્તિવિજયજી મુનિ આવ્યા છે, વ્યાખ્યાન સારું આપે છે. જરા વિચારમાં આધુનિક છે એટલે આજના સંદર્ભમાં અર્થઘટન કરાવે છે. ભાષા ઉપર પ્રભુત્વ સારું છે. આમ તો બન્નેને ધરમ સાથે કેમ છો કેમ નહીં જેવો જ સંબંધ, પણ સારો વક્તા હોય તો ગમે તે વિષય પરનાં વક્તવ્યો સાંભળવાં ગમે. પ્રવીણાબેનને થોડોક જ આગ્રહ કર્યો એટલે એ પણ થઈ ગયા તૈયાર અને સૌ એક સવારના ઉપડ્યા અપાશરે વ્યાખ્યાન સાંભળવા.

વ્યાખ્યાનનો વિષય હતો 'એકવીસમી સદીનો પ્રબુદ્ધ જૈન'. વ્યાખ્યાન સરસ હતું, સચોટ હતું અને જીવનમાં નવો રાહ દેખાડે એવું પ્રેરક હતું. બન્ને દોસ્તો મુગ્ધ થઈ સાંભળતા બેઠા હતા. સુખલાલની નજર ડાબી બાજુએ બેઠેલી સાધ્વીઓના ટોળામાં પર પડી અને એક ચહેરા પર ઝકડાઈ ગઈ. ચહેરો જરા પરિચિત લાગ્યો પણ કોઈ ઘડ ન બેઠી. વારંવાર એ તરફ નજર નાખતા હતા ત્યાં એક વખત એ વ્યક્તિની અને

સુખલાલની નજર એક થઈ અને સુખલાલને સામેની આંખોમાં પરિચિતતા ભાસી. પણ કોણ હશે એ કંઈ બત્તી ન થઈ. મન ચકરાવે ચડી ગયું અને કીર્તિવિજયજીના બાકીના શબ્દોનાં સુખલાલને સુરસુરિયાં થયાં.

વ્યાખ્યાન પૂરું થતાં સુખલાલે ગુણુભાઈને કહ્યું કે "એક મિનિટ, સાથે આવને. કોઈને મળવું છે." અને સુખલાલ પ્રવીણાબેન અને ગુણુભાઈને લઈને પેલી સાધ્વીની બાજુ ખેંચી ગયા. આ લોકોને આવતાં જોઈ એ સાધ્વી પણ જરા એના વૃંદમાંથી છૂટી પડી ઊભી રહી. સુખલાલે જઈને બે હાથ જોડ્યા, "શાતામાં છો?" અને પેલીએ જમણા હાથનો પંજો ધરી "ધર્મલાભ" કહી અભિવંદન કર્યું. સુખલાલ ગૂંચવાડામાં પડી ગયા. "ચહેરો તમારો પરિચિત લાગે છે. પણ ઓળખ ન પડી!" એમ કહી ઊભો. સાધ્વીના હોઠને એક ખૂણે આછું સ્મિત ફરક્યું, "બને, એમ પણ બને." અને પછી એક પળ રોકાઈ આગળ બોલી, "ટાઈમમશીન અટપટી વસ્તુ છે!" કહી એ છૂટી પડી પગથિયાં ઊતરી સાધ્વીઓના અપાશરા બાજુ ચાલી ગઈ.સુખલાલના મગજના ચક્રોમાં "કડાંગ" કરતો અવાજ થયો. મનમાં ઉદ્‌ગાર નીકળ્યો 'યૂરેકા'-'શોધી કાઢી, શોધી કાઢી' અને એનાથી "અરે, આ તો રસુ" એમ બોલાઈ ગયું!

પ્રવીણાએ જોયું કે કાંઈ અવનવું બની ગયું. "આ ટાઈમમશીનનો ડખો શું છે? આ રસુ કોણ? કાંઈ છૂપી રૂસ્તમગીરી કરો છો ને?" અને એ લોકો પોતાના જોડા ચંપલ ગોઠવ્યાં હતાં ત્યાં ઊપડ્યાં. જોડાં પહેર્યાં અને ઉપડ્યા ઘરભણી.

ગુણુભાઈ આ બધું સાંભળી રહ્યા હતા. કોઈ જૂના નાટકનો પડદો ખૂલતો લાગ્યો. સુખલાલના મોં પરના ભાવો, આશ્ચર્યના, આનંદના ઉન્માદના જૂદા જ રંગે ઓપી ઊઠ્યાં.

"બોલો, બોલો, રૂસ્તમજી બાવા, વૈશાખના કૂવા કરતાં ઊંડા નિકલિયા જી," પ્રવીણાબેન પાછળ પડી ગયા. " "સંભળાવો, સંભળાવો. કાન દઈને સાંભળીએ." કોઈ જાણે મોંમાં આંગળા નાખી વાત કઢાવે એની રાહ જોતા જ હોય તેમ સુખલાલે પટ પટ વાત શરૂ કરી.

"અમે, હું અને રસુ, ગામડિયા સ્કૂલમાં ભણતા હતા. પહેલીથી મેટ્રિક સુધી. કિશોરાવસ્થામાંથી મુગ્ધાવસ્થા સુધી પહોંચ્યા. એક વખતની છોકરીઓ તરફની ચીડ, ગલગલિયાં કરતી વાત બની. એટલાં વર્ષોમાં ચકલીઓ ચકોરીઓ થઈ પડી હતી.

"પાંચમા છઠ્ઠા ધોરણથી રસીલા મારી પાસે હોમવર્ક માટે આવવા લાગી અને અમે કલાકો સાથે ગાળતા. મને વિજ્ઞાનમાં રસ એમાં એચ. જી.વેલ્સનો અને તેના ટાઈમમશીનનો નાદ લાગેલો. રસિલાને રસ ઈતિહાસમાં અને ક્યાંય ક્યાંયથી એની ચોપડીઓ મેળવી વાંચતી. એટલે ટાઈમમશીન મળે તો શું શું મુસાફરીઓ થાય અને ઈતિહાસની કેટકેટલી ભૂલો સુધારી શકાય એ વિચારો અને વાતો કરતાં. ટાઈમમશીન બનાવવાના પ્લાન્સ પણ ઘડતો. રસીલા તેની મોટી મોટી આંખે જોતી, સાંભળતી બેસતી. નિર્દોષ ભાવે ચાલતા સંપર્કથી જરા જુદા ભાવો જાગ્યા. મળવાનો, વાતો કરવાનો તલસાટ વધ્યો. રાજકપૂરની ફિલમ જેવું થયું. એક બાજુ વૈભવમાં ઉછરેલી રસીલા અને મુફલિસીમાં ઉછરેલો હું.

"મેટ્રિકનું વર્ષ હશે. એક દિવસ સાંજે સ્કૂલેથી છૂટતાં તેણે કહ્યું 'સાંજે આપણે હૅન્ગિન્ગ ગાર્ડનમાં મળી શકીએ? એક અગત્યની વાત છે.'

"ઘરમાંથી કંઈ બહાનું કાઢી ગાપચી મારી અને મુકરર સમયે અમે નક્કી કરેલી જગાએ ગાર્ડનમાં મળ્યાં. રસીલા જરા ગંભીર હતી. સમય ઓછો હતો એટલે પ્રસ્તાવનાની, પૂર્વાલાપની લક્ઝરી હતી જ નહીં. એ તરત જ મૂળ વાત પર આવી. મને કહે, 'જો મને લાંબી વાત કરવાનો સમય નથી. વાત અગત્યની છે એટલે કોઈ પૂર્વાલાપ વગર તને એક વાત પૂછું? મારી સાથે જીવન ગાળવા તૈયાર છો?' રસીલા મને ગમતી તો હતી અને નિખાલસતાથી વાત કરું તો એક પ્રેયસી તરીકે કલ્પી પણ હતી. લગ્નની શક્યતાઓનો વિચાર કરી આ કામચલાઉ ગાંડપણ છે અને કદી વાસ્તવિક બની શકે જ નહીં એવી ખાત્રી હતી. એનો પૈસો અને મારું દારિદ્ર્ય, એ લોકોનું સમાજમાં સ્થાન અને અમે નીસરણીને નીચે પગથિયે, ભણવામાં વિજ્ઞાન સિવાય બીજામાં સાવ હું ઠોઠ અને એ તેજસ્વી, દેખાવે મને જ હું કાચમાં દીઠો નહોતો ગમતો અને આ તો વહીદા રહેમાનની હરોળમાં આવે તેવી! એટલે મેં જિંદગીભર રસીલાને સ્મૃતિમાં વાગોળવાના સપનાં જ જોયાં હતાં અને આ તો બે હાથમાં વરમાળા લઈ આજે મારી સાથે જીવન ગાળવા તૈયાર થઈ આવી હતી!

"મને શું ધંધો નોકરી મળશે અને ક્યારે એનો કોઈ જ ભરોસો નહોતો. રાજકુમારીને હું કેવી રીતે લાલનપાલન કરાવીશ એ મોટી ચિંતા હતી. એ મને કહે કે એને પરણાવી નાખવા એના માબાપ તજવીજ કરતાં હતાં. એને ઉતાવળે જવાબ જોઈતો હતો. 'હા કે ના'. એને તો હા જ જોઈતી હતી. અને આજે જ, જેથી કોઈ આશાભર્યા ઉમેદવારને રસીલાના માબાપ વધુ ટટળાવે નહી.

"હા પાડવા મન તલસતું હતું પણ વ્યવહારુ દૃષ્ટિથી 'ના' જ વધુ ઉચિત હતી. લગ્ન માટે હજુ હું તૈયાર નહોતો. તેને ટૂંકમાં સમજાવવા પ્રયત્નો કર્યા પણ એ કહે કે 'બસ, હું ગમે તે ખમી ખાવા તૈયાર છું, તારી સાથે જીવન જીવવા મળે તો.' મને થયું કે એને પરણું તો હું એને ઘણો અન્યાય કરી બેસીશ. ઝાઝું વિચારવા સમય નહોતો એ એક બહાનું મળી ગયું અને મેં 'આ શક્ય જ નથી' એમ કહી દીધું. એ હસીને એટલું જ બોલી, 'આભાર તારો મોટો, મેં તારા પર દબાણ મૂક્યું અને તું સમયની સંકડાશ સમજી ગયો. હું હંમેશ ઉપકારવશ રહીશ. મારા તરફથી આ ઑફર બને ત્યાં સુધી ખુલ્લી રાખીશ...પણ એવું ન બની શકે તો માફ કરજે.' હસી, આ જમણા ગાલ પર બચી કરી આભેથી ઊતરતી રાતના આછાં અંધારામાં લીન થઈ ગઈ. ગાલ પરની એ પળની ભીનાશ હજુ પણ સ્મૃતિમાં સ્પંદનો જગાડે છે, જાણે ટાઈમમશીનમાં બેસી ત્રીસ વર્ષ પાછો ગયો હોઉં તેમ.

"એ નિશાળે આવતી બંધ થઈ એટલે સંપર્ક તૂટી ગયો. અને આજે એ મળી. આજે હું પૈસે ટકે સુખી છું અને મનમાં થાય છે કે તે વખતે ઝંપલાવ્યું હોત તો કોઈ વાંધો ન આવત. પણ ક્યાં આપણી પાસે ટાઈમમશીન હતું કે એ વખતે આ ભવિષ્ય જોઈ શકાત?

"પણ એ દિક્ષા લઈ સાધ્વી બની બેસશે એવું તો ધાર્યું જ નહોતું."

ગંભીર મૂડમાં ઘરે તો પહોંચ્યાં. પણ પ્રવીણાબહેન કંઈ મસાણિયા જેવો મૂડ ટકવા દે ખરા? એ તો કહે કે, "આ કહાની તો કમાલની છે! બસ, કાલે પૂછીએ તમારી રસીલાને કે બેન, તારી ઓફર હજુ ખુલ્લી છે? જીવન આનંદ માટે છે, માણવા માટે છે, ઝૂરવા માટે નહીં, ખોટાં દેહદમન માટે નહીં!" અને મીઠા અવાજે લલકાર્યું, 'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?'

"હાલો, હાલો,જમવા બેસી જાઓ." પછી તો જમતાં જમતાં અને જમ્યા પછી લાંબો વાર્તાલાપ ચાલ્યો. આ ઉમ્મરે ક્યાં બીજા લફરામાં પડવું? ગુણુભાઈ વ્યવહારુ અને આંકડાના માણસ. સરેરાશે ફાયદો થતો હોય તે સોદો પાકો કરવો એમ માનતા. આ પ્રસંગે એમણે એમનું ગણિત વાપર્યું. 'અત્યારે ત્રણ માણસો દુઃખી છે. રસીલાને સ્વીકારવાથી ત્રણનો આંકડો એક થશે અને તારા સંસારમાં ૬૭ ટકા દુઃખ ઓછું થઈ જશે. કેટલો બધો સુધારો! અને નસીબ જોર કરતાં હોય તો સુનીતા પણ સુખી થાય. અને દુઃખ સો ટકા ઓછું થાય!' પ્રવીણાબહેન કહે કે, 'ટાઈમમશીને એક વખત તો થાપ આપી, હવે હિમ્મત કરીને મારો ભૂસકો. ગમે તે ભોગે પણ સુખ જેવું બીજું કશું નથી. અરધી મિલકત, ઘર આપતાં બાકીનું જીવન કેટલું મોજમાં જાય એ વિચાર પણ બહુ મધમીઠો લાગે છે. કાલે જઈને વહોરવા બોલાવી લાવું અને કરીએ કંકુના."

બીજે દિવસે સવારના પ્રવીણાબહેન ઊપડ્યા અપાશરે. જઈને રસુને શોધી કાઢી, "લાભ આપશો?" કહી ગોચરી માટે આમંત્રણ આપ્યું અને પછી રસુના ગુરુને મળી સમ્મતિ લીધી. રસુ મુમતી બાંધી, એક હાથમાં ચમ્મર અને બીજાં હાથમાં વહોરવાનું પાત્ર લઈ પ્રવીણાબહેન સાથે એમના ઘરે જવા ઉપડી.

પ્રવીણાબહેને આગ્રહ કરીને અંદર બોલાવ્યાં, બેસાડ્યાં. સુખલાલ રસીલાના મોં તરફ જોતા બેઠા. ઉમ્મર જરા દેખાતી હતી, કાયા કૃષ થઈ હતી પણ મોં હજુ સુરેખ લાગતું હતું, ગમી જાય તેવું. આંખોનું ચૈતન્ય મોહક હતું.

સુખલાલને થયું કે આ વખતે વાતની શરૂઆત પોતે જ કરવી જોઈએ. "રસિલા, કેમ છો તું?" બોલ્યો.

"ઔપચારિક રીતે તો એક જ જવાબ હોય કે મજામાં છું. પણ તને યાદ છે કે મને ઈતિહાસ બહુ ગમતો? એ વાંચતાં મને અમેરિકાના ઉદ્ભવનો એક નારો ગમી ગયેલો. લાઈફ, લિબર્ટી ઍન્ડ પર્સૂટ ઑવ હૅપીનેસ. એમાં છેલ્લું, પર્સૂટ ઑવ હૅપીનેસ મને પસંદ આવી ગયેલું. સુખની શોધમાં -મારા માટે એ સુખલાલની શોધ બની ગઈ. આટલા વર્ષો એક જ વિચારમાં ગાળ્યાં કે તને ક્યાં અને ક્યારે મળીશ. ગઈ

કાલે તને જોયો અને મારી મુરાદ ફળી એટલે સાચોસાચ હું ખૂબ, ખૂબ જ ખુશ છું! કહે તો સમ ખાઉં..." પાછું એ તોફાની આંખોમાં તોફાની સ્મિત!

આનો અર્થ મગજમાં ઊતરતાં જરા વાર લાગી. "પૂછવું છે તો ઘણું પણ મને લાગે છે કે પૂછવાનો કોઈ અધિકારી હું રહ્યો નથી. એટલે મૂંઝાઉં છું."

"ટાઈમમશીન કરતાં ઇતિહાસ વાંચ્યો હોય તો ખબર પડત કે અધિકારો કદી કોઈના દીધાં મળતાં નથી, ઝડપી લેવા પડે. નહીં તો પેલા મિંયાભાઈની જેમ 'પહેલે આપ, પહેલે આપ' કરતાં મિયાં ગાડી ચૂકી જવાય." એજ મોહક સ્મિત, એજ મિજાજ, એ જ મીઠી તીખાશ! "ટાઈમમશીનમાં ખોવાઈ ગયો ને? હું કહેતી કે વર્તમાનમાં જીવતાં આવડે પછી ટાઈમમશીનની ઐસી તૈસી. પણ તમારા પુરુષોનું એવું કે કાંતો ગીતો, ગઝલ લખતા થાય કે વિજ્ઞાની થઈ ટાઈમમશીનમાં ખોટી ખોટી ચાંપો દબાવી લથડે અને મૂંઝાય! મૂંઝાવાનું, ખોવાવાનું કામ તમને ફાવે, અમે તો રસ્તા શોધનારા! મદત પાહિજે?"

પ્રવીણાબહેન ચા પાણી, પાપડપૌવાં, ખાખરા, મુગડીની વ્યવસ્થા કરવાં રસોડામાં ગયાં અને આંખ મારીને ગુણુભાઈને ઉપલી અભરાઈએથી ડબો ઊતારાવવા લઈ ગયાં.

સુખલાલ આંખોમાં આંખો માંડી તાકી રહ્યા. કંઈ શબ્દો સૂઝ્યા નહીં.

"તે દિ' બગીચે કરી હતી તેમ આજે પણ મારે જ પહેલ કરવી પડશે," બે પળ અટકી આગળ બોલી, "તને યાદ છે ખરી મારી ઑફર? મેં કહ્યું હતું કે બનશે ત્યાં સુધી ઑફર ખુલ્લી રાખીશ...અને એ ખુલ્લી રાખવા દિક્ષા લીધા સિવાય બીજો કોઈ માર્ગ હતો નહીં. આજે હજુ પણ એ ઑફર ખુલ્લી છે. સ્વીકારવી છે?" હોઠને ખૂણે સ્મિત ફરકતું હતું. "એ ઑફર તે વખતે બિનશરતી હતી, પણ આજે કદાચ ન પણ રહી હોય..."

સુખલાલમાં હિંમત આવી, ભગવાન જાણે ક્યાંથી. "જો ઑફર ખુલ્લી જ હોય તો ગમે તે શરત કબૂલ છે. પ્રશ્ન એક જ છે, લગ્ન માટે રાહ જોવી પડશે."

"શરત મારી એ છે કે મળીએ અને કદી છૂટા ન પડીએ. એકમેકને ઓથારે માણીએ લાઈફ, અને લિબર્ટી - મારા માટે સુખલાલની શોધ એ પ્રશ્ન રહેતો નથી. મારે તે દિ' લગ્નની એ શરત નહોતી, તો આજે હવે શાને હોવી જોઈએ?"

રસોડામાં સટરપટર કરતાં પ્રવીણાબેનના કાનનું દૂરબીન આ દિશામાં જ મંડાણું હતું. એમણે દોડીને "મેં સાંભળ્યું, મેં સાંભળ્યું" કહેતાં દીવાનખંડમાં એક ટ્રેમાં પેંડાની એક રકાબી લઈને ગુણુભાઈ સાથે ઍન્ટ્રી મારી. "ચાલો મીઠું મોઢું કરીએ અને વાત પાકી કરીએ. ચા માટે વાર છે. પછી રસુબહેન, અંદર આવો, મારી સાડીઓ દેખાડું. રંગ નક્કી કરો એટલે મૅચિંગ બ્લાઉઝનો બંદોબસ્ત ઊભા ઊભા કરી આપીશ. આ શ્વેતાંબરીનો અંત આણીએ!"

## તુલસીક્યારો

### વસુધા ઈનામદાર ( ન્યુ જર્સી)

(વાર્તા સંગ્રહ 'અનુજા' માથી સાભાર )

આજે કેટલા દિવસે તુલસીએ પથારીમાંથી ઊભાં થઈને કોઈનીય મદદ વગર સ્નાન કર્યું. તે દીવાલના ટેકે ટેકે ચાલવા લાગી. એના માટે રાખેલી નર્સ દોડીને આવી, 'તમે હજી એકદમ સાજાં નથી થયાં, તમારું શરીર નબળું છે. ચાલો બેસી જાઓ.'



'નર્સ, મારે બહાર જવું છે.'

'બહાર ક્યાં?'

'બસ ઓટલે. આંગણા સુધી જઈ તુલસીન દર્શન કરી આવું.' નર્સ ગભરાઈ, 'ના, ના, એક દિવસમાં આટલું બધું ન ચલાય. સોહનીબહેન આવે એટલે તમને દર્શન કરાવશે. ' નર્સ એનો હાથ પકડીને ખાટલા તરફ દોરી ગઈ. તુલસીએ કહ્યું, 'મને આ બારી આગળ બેસવા દો. તુલસીનાં નહીં, તો સૂર્યનાં દર્શન તો થશે જ!' તે મનમાં ને મનમાં વિચારતી રહી. આ ઘરમાં પરણીને આવ્યા પછી ભાગ્યે જ એવું બન્યું હશે કે પોતે ઘરમાં હોય ને તુલસીનાં દર્શન કરી, દીવો ના મૂક્યો હોય!

'લો, આ મોસંબીનો રસ પીઓ. બાજુમાં દવા મૂકું છું'

'તમારા માટે શૉપિન્ગ કરવાં ગયાં છે. તમે ઝટ ઝટ સાજાં થઈ જાવ. થોડા દિવસમાં તો તમારે અમેરિકા જવાનું છે.'

તુલસીને થયું બબ્બે દીકરા હોવાં છતાં આજે મારી સાથે કોઈ નથી. સારું છે કે સોહની તો છે. ત્યાં તો નર્સે કહ્યું,' જુઓ, ગાડીનો અવાજ આવ્યો. બહેન આવ્યાં લાગે છે.'

'મમ્મી, કેમ છે તમને? કેટલા દિવસે પથારીમાંથી ઊભાં થયાં? પાંચ અઠવાડિયામાં બે વાર તમને હૉસ્પિટલમાં દાખલ કર્યાં. સારું છે કે મારાં મમ્મી હતાં. એમણે જ નર્સને તમારી માટે રાખ્યાં છે.'

દીકરાની વહુને અધવચ અટકાવતાં તે બોલી, 'નર્સે મને બધી જ વાત કરી છે. તારી મમ્મીએ મારી ખૂબ જ સેવા કરી છે. આ દેહે આજ સુધી કોઈની સેવા લીધી જ નથી, પણ તારાં મમ્મીને મેં ખૂબ હેરાન કર્યાં, ખરું ને!'

સોહની થોડાક ગર્વથી બોલી,'ના રે ના, મારી મમ્મી તો છે જ સેવાભાવી! એકવાર અમારા પાડોશીને હાર્ટની ટ્રબલ થઈ...' અને એમ એની મમ્મીના ગાણાં ગાવા લાગી. તુલસી પ્રસન્નતાથી આ સાંભળતી રહી. એના મનમાં સુખની લાગણીઓ તરવા લાગી. નાનો દીકરો અમેરિકાથી આવ્યો, બે મહિના રહીને ગયો, તુલસીને જોઈતી હતી એવી વહુ લાવી દીધી. એ વહુ જ નહીં પણ એનો પરિવાર પણ પોતાના દુ:ખમાં આવીને ઊભો રહ્યો. 'સોહની, તું પણ તારી મમ્મીની જેમ હોંશિયાર છે. મોરના ઈંડાં કાંઈ ચીતરવા પડે?' તુલસીના મોઢે પોતાના વખાણ સાંભળીને તે ખુશ થઈ. એણે હજી પોતાની મા વિશેની વાત પતાવી નહોતી, એમના વિશે તે કેટલું બધું કહી શકે એમ છે, ત્યાં તો નર્સ બોલી, 'આજે તો એમણે મારી મદદ વિના નહાવાનું પતાવ્યું, એટલું નહીં, જાતે ચાલીને તુલસીનાં દર્શન કરવાનો આગ્રહ રાખ્યો, પણ મેં..."

સોહની પળવાર માટે નર્સને જોઈ રહી, ને તરત જ બોલી: 'અરે, એમાં મૂંઝાવ છો શું? મમ્મીને કહી દેવાનું કે તુલસીક્યારો હવે નથી રહ્યો. ત મે એમને ઓસરીમાં લઈ ગયાં હોત તો એમની મેળે જ ...'

તે ઝડપથી પલંગની કિનારી પર આવીને બેસી ગઈ. અશક્તિને કારણે એને ચક્કર આવ્યાં. તે પથારીમાં જ ઢગલો થઈને પડી. સોહની સ્તબ્ધ થઈ ગઈ.

તુલસી રડી રડીને સૂઈ ગઈ. વચ્ચે વચ્ચે એનું ધ્રુસ્કું સંભળાતું. તે જાણે હવે તંદ્રામાં હતી. પાંત્રીસ વર્ષમાં તુલસીને તુલસીનો ક્યારો કોઈ હઠાવી લેશે એવો વિચાર પણ નહોતો આવ્યો. ને આ સોહનીએ શું કર્યું?

તુલસીના ઘરે તુલસીનો મોટો ક્યારો. દર વરસે એના પિયરમાં તુલસીવિવાહ વાજતે ગાજતે થતા. એના દાદીમા કહેતાં, 'મારા ઘરમાં બે તુલસી. એક ક્યારામાં, જે હરી ફરી નથી શકતી ને બીજી તું! હવે પછી હું ઘરમાં હોઉં કે ના હોઉં, આ તુલસીનું ધ્યાન તારે જ રાખવાનું' તુલસીનું કૉલેજનું ભણતાર અધૂરું મુકાવીને એના પિતાએ એને પરણાવી દીધી. લગ્નના થોડા દિવસ પહેલાં એણે પોતાના થનાર પતિને પત્ર લખીને પુછાવ્યું હતું, 'તમારા માટે દહેજમાં શું લાવું?' ત્યારે પતિએ લખ્યું હતું, 'અમારે સહુને તો દહેજમાં માત્ર તુલસી જ જોઈએ!' ને તુલસી પતિના આશ્ચર્ય વચ્ચે એક કરંડિયામાં તુલસીનું નાનકડું કૂંડું લાવી હતી. પતિએ પૂછ્યું, 'અરે, આમાં શું છે?'

'તમે જુઓને!'

રાહુલે કરંડિયો ખોલ્યો. અંદર સુંદર મજાનો તુલસીનો છોડ! એ હસીને તુલસીની નજદીક આવ્યો. 'સાચું કહું, મારે તો આ તુલસી જોઈતી હતી!'

'ભલે ત્યારે, આ તુલસી તમારી ને આ નાનકડી છે તે મારી! મારે જેવું આ ઘર છે તેવું મારી તુલસી માટે જોઈએ- એક તુલસીક્યારો...'

'જ્યાં સુધી આ તારો તુલસીક્યારો નહીં બંધાવડાવું ત્યાં સુધી...'

તુલસીએ પતિના મુખપર હાથ મૂક્યો.

રાહુલે ઘરમાંની લાઈટ બંધ કરી. તુલસી આનંદવિભોર થઈ પતિને વળગી પડી, તે દિવસથી માંડીને તે એ બીમાર પડી ત્યાં સુધી તુલસીના ક્યારે દીવો મુકાતો હતો. પોતે બહારગામ જાય તો પણ 'તુલસીક્યારે' દીવો મુકવાની સગવડ કરીને તે જતી. તુલસીનું મન ક્યારા વિનાની તુલસીની જેમ, પતિની સ્મૃતિમાં અટવાતું ગયું. તે જાણે તંદ્રામાં જ બોલી, 'તમે સાંભળ્યુંને, હું માંદી પડી, મારી તુલસી મારા આંગણેથી ચાલી ગઈ!' બંધ આંખે એની આંખમાંથી અશ્રુ સરી પડ્યાં. ત્યાર પછીના કેટલાય દિવસો સુધી તે પોતાના ઓરડામાં જ બેસી રહેતી. સોહની સાથેનો મુક્ત મનનો સંવાદ બંધ થઈ ગયો. તે માત્ર જરૂર પૂરતું જ એની સાથે બોલતી. સોહનીને પણ ગુસ્સો આવ્યો. એણે યશ સાથે ફોન પર વાત કરીને કહ્યું, 'તમારાં મમ્મી હવે સાજાં થઈ ગયાં છે. એમની સગવડ ખાતર મારી મમ્મીએ ગાડી આપી પણ પાર્કિન્ગની જગ્યા ન હોવાથી મેં મમ્મી બીમાર હતાં ત્યારે તુલસીક્યારો કઢાવી નાંખ્યો ત્યારથી મમ્મી મારી પર નારાજ છે.'

યશે કહ્યું, 'તેં મોટી ભૂલ કરી. મમ્મીને પૂછ્યા સિવાય... પણ તને નહીં સમજાય એ બધી વાતો. તું એમની તબિયતનું ધ્યાન રાખજે.'

સોહની અકળાતી. તેને થતું કે મમ્મીએ ગાડી ન આપી હોત તો આવી બિમારીમાં ટૅક્સી સિવાય હૉસ્પિટલ જવાત જ નહીં. એમને જો તુલસીક્યારા માટે આટલું બધું દુ:ખ થતું હોત તો નવી ડિઝાઈનવાળો તુલસીક્યારો મારા પપ્પાને કહીશ તો તેઓ બંધાવી આપશે, પણ કોણ જાણે કેમ તુલસીની સામે જોઈને 'તુલસીક્યારા' વિશે કશું બોલવાની હિંમત તે કરી શકી નહીં.

એક દિવસ તુલસીની ખબર પૂછવા મીરા આવી. હજી તે ખબર પૂછે તે પહેલાં તો તે સોહની સાથે ઝગડી પડી. 'આ શું કર્યું સોહનીભાભી? તમે તમારી ગાડી પાર્ક કરવા કાકીનો તુલસીક્યારો તોડાવ્યો?તમને ખબર છે એ તુલસીક્યારા માટે કાકીને જ નહીં અમને સહુને કેટલો પ્રેમ છે! અરે, એમની એ તુલસીને તડકો ન લાગે એટલે ચાર થાંભલી રોપાવીને એની ઉપર...' સોહનીએ એની વાત સાંભળીને ગુસ્સામાં

કહ્યું, ‘તુલસીક્યારો જ તોડાવ્યો છે ને, ઘર તો નથી તોડાવ્યું ને? એ પણ એમના માટે જ! મારી મમ્મીએ ગાડી આપી, તમે જ કહો, ગાડી ક્યાં મૂકવી? બોલો…’

તુલસી બહાર આવીને બોલી, ‘મીરા અને સોહની, બંધ કરોએ ચર્ચા!’ એમની આંખોમાં મીરાએ આંસુ જોયા.

સોહની ચૂપ ન થઈ શકી, ‘ને જુઓ એકાદ મહિનામાં તો તેઓ અમેરિકા જવાના, ત્યારે એ તુલસીક્યારો કોણ સાચવત? તુલસીનો છોડ તો આમેય સુકાઈ જવાનો!’

‘ભાભી, એક તુલસીનો છોડ સુકાય તો એની માંજરમાંથી અનેક તુલસી ઊગે છે. ગઈ સાલ હાર્દિકભાઈ માટે એમણે પરબીડિયામાં તુલસીની માંજર મોકલી હતી, યશભાઈને પણ તુલસીનો ક્યારો એટલો જ વહાલો છે. અમારી પરીક્ષા સમયે મેં પણ આ તુલસીક્યારે કેટલીવાર દીવા માન્યા હતા!’ એના ગળે ડૂમો ભરાયો.

‘તમે નાની વાતને કેટલું મોટું સ્વરૂપ આપ્યું? મમ્મી અમેરિકાથી પાછાં આવશે ત્યારે એમનાં માટે તુલસીક્યારો બંધાવી દઈશું.’

‘ભાભી, તમે પૈસાવાળા છો ને એટલે એની કિંમત પૈસાથી આંકો છો. નવો તુલસીક્યારો કાકીની કે અમારી ભાવનાઓ સાથે જોડાયેલો નહીં હોય.’

એક દિવસ તુલસી આંગણમાં આવીને ઊભી રહી. એને ઈચ્છા થઈ કે સોહનીને કહી દઉં કે પવિત્ર જગ્યા પર ગાડી પાર્ક ન કરે, પણ તે ચૂપ રહી. તે વિચારવા લાગી. હાર્દિક મોટો આઠેક વર્ષ પહેલાં અમેરિકા ભણવા ગયેલો. ત્યાં જ ગોઠવાઈ ગયો.

મોટાભાઈએ નાનાભાઈને બોલાવ્યો, યશ પણ ત્યાં જઈ ભણીને નોકરીએ વળગ્યો. તુલસીના આગ્રહથી બે વાર દેશમાં આવીને ગયો. અમેરિકામાં નભી શકે એવી છોકરીની તપાસમાં તે હતો. છેલ્લી ટ્રિપમાં સોહની મળી ગઈ. દેખાવમાં સુંદર, અંગ્રેજી માધ્યમમાં ભણેલી ત્યાંની દુનિયામાં સહજતાથી ભળી જાય એવી. યશ ખુશ હતો. વાત વાતમાં એકવાર માને કહ્યું હતું, ‘મમ્મી થૅન્ક્સ! મને જોઈએ એવી અને તમને ગમે એવી આ સોહની છે. હું ખુશ છું, મમ્મી તમે?’

‘હું પણ ખુશ છું. દીકરા માટે વહુ લાવવી એ તો આપણી વિચારસરણી પ્રમાણે મા-બાપની ફરજ છે. એમાં તારે મારો આભાર નહીં માનવાનો, તમે લોકો હવે બે સંસ્કૃતિના રંગે રંગાવા લાગ્યાં છો. મારી ઈચ્છા ખાતર તું બે-ત્રણવાર પરણવા માટે આવી ગયો. આપણને બંનેને ગમતી છોકરી જોડે તેં લગ્ન કર્યાં, આભાર બેટા!’

તુલસીને સોહની પસંદ પડી હતી. એના પિતા વ્યાપારી, પશ્ચિમી ઢબની રહેણીકરણી, એટલું જ નહીં પણ ભણતર પણ અંગ્રેજી માધ્યમમાં. યશ સાથે ઝટ ગોઠવાઈ જશે એવી ગણતરી એણે કરી હતી. તુલસીક્યારાના બનાવ પછી એને થતું સોહની ભણી છે પણ ગણી નથી. ચાલો એમ આવડી જશે. યુવાની છે, ચાર જણાંને પહોંચી વળે એવી બુદ્ધિ છે. અનુભવે શીખશે.

તુલસીને થતું સોહનીની વાત કાઢી નાખવા જેવી નથી. અમેરિકા જઈશ ત્યારે તુલસીક્યારો કોણ સાચવે? એણે મન સાથે એવી સમજૂતી કરી લીધી પછી મન પરનો બોજો હળવો થયો.

તુલસીઅમેરિકા હાર્દીકને ત્યાં જતી હતી. એ યશ કરતાં મોટો. એકાદ વર્ષ થયું હશે. અમેરિકન છોકરી જોડે પરણ્યો. કદાચ યશ પણ એના પગલે પગલે ચાલીને અમેરિકન વહુ લાવે તો! એ અસ્વસ્થ થઈ. પોતાના મનનો ડર એણે યશ આગળ વ્યક્ત કર્યો. ત્યારે યશે કહ્યું હતું,‘ મમ્મી, ચિંતા ન કરીશ. આપણને બંનેને ગમે એવી વહુ લાવીશું.’

એ વાત સંભારીને તુલસીનું મન ઉદાસ થતું હતું. સોહની આ દેશમાં ઉછરેલી, ભારતીય સંસ્કૃતિમાં શ્વસેલી જો આમ વર્તી શકે છે તો હાર્દીકની વહુ ક્રિસ્ટીના અમેરિકન છે. તે દિવસે યશે ભાઈનો બચાવ કરતાં કહ્યું હતું, ‘મમ્મી, તું માને છે એવું નથી. તેઓ બંને એકબીજાને પાંચ વર્ષથી ઓળખે છે. સાથે ભણ્યાં અને સાથે જ નોકરી કરે છે. ભારતીય સંસ્કૃતિ વિશે એને આદર છે, એટલું જ નહીં એ વિશે અભ્યાસ કર્યો છે.’

તુલસી ગુસ્સો કરીને કહેતી, ‘એ ગમે તેવી પણ અમેરિકન! આપણાં રીતરિવાજથી અજાણ. ભલી હશે તો માંસ-મચ્છી ખાતી હશે. આપણી ભાષા તો ક્યાંથી આવડે? બ્રાહ્મણનો દીકરો થઈને...એ હોત તો એમનું માન્યું હોત! હાર્દીક પણ કોઈ ગુજરાતી છોકરીને પરણ્યો હોત. ખેર, લગ્ન પહેલાં અને પછી પણ એમના કેટલાં ફોન આવ્યા હતા! ભાંગીતૂટી ગુજરાતીમાં ક્રિસ્ટીનાએ પણ આગ્રહ કર્યો હતો. હવે એ બાપ બનવાનો છે, બંને જણએ તુલસીને ક્રિસ્ટીનાની સુવાવડ માટે આવવા આગ્રહ કર્યો, ’ એટલું જ નહીં એણે કહ્યું હતું, ‘તું એની સુવાવડ આપણી રીતે કરે એવું ક્રિસ્ટીના ઈચ્છે છે!’ તુલસી તેથી જ અમેરિકા જઈ રહી હતી.

તુલસી વિમાનમાં બેઠી હતી. વિમાનની પરિચારિકા અવારનવાર આવીને ખાવા-પીવાનું પૂછતી. લૉસ ઍન્જલસ સુધીનો એટલે ઠેઠ સુધીનો સંગાથ હતો. તુલસીએ ઈશ્વરનો પાડ માન્યો. વિમાનની બારીમાંથી દેખાતું આકાશ, વાદળાં અને હજારો ફૂટની ઊંચાઈ, ઍરકન્ડિશનની ઠંડી, અન્યોન્યને અડે એવી સાંકડી ખુરશીઓ, વિમાનનાં અંધારા અને તુલસીને લાગેલા થાકને કારણે એની પાંપણો ભારે થવા લાગી.

તુલસીને ભારત, પોતાનું ઘર, તુલસીક્યારો, યશની વહુ સોહની, એની સાથે વિવાદ કરતી મીરા, સોહનીની મમ્મી, તુલસી વિનાનું ખાલી આંગણ યાદ આવવા માંડ્યું. એને થયું પોતે જાગતી હતી કે ઊંઘતી? પોતાના માળામાંથી નીકળી દીકરાને ત્યાં જતી હતી. દીકરો હાર્દિક, વહુ ક્રિસ્ટીના, તુલસીક્યારો, તુલસીનો કરંડિયો, ખાલી આંગણ...આંગણામાં કાર, સોહની, નર્સ...અમેરિકાનું શૉપિન્ગ, દીકરાએ મંગાવેલું સંખેડાનું ઘોડિયું, નાનકડું સોનેરી વાળવાળું બાળક, ભૂરી ભૂરી આંખો... તુલસીને થયું વિમાન કરતાં ય પોતાનું મન વધુ ગતિથી રવાડે ચઢી રહ્યું છે. એને હાથમાં માળા લેવાનું મન થયું, પણ એણે લીધી નહીં.

તુલસી ઉચાટ મને વિમાનમાંથી ઊતરી. ઠેઠ સુધીનો સાથ દેનારો વિનય બાજુમાં ઊભો હતો. કસ્ટ્મસમાંથી નીકળ્યા પછી કાર્ટ પર બે બૅગ મૂકી એને તુલસીને બહાર નીકલવામાં મદદ કરાવી. વિનયે તુલસીને પોતાનું કાર્ડ આપ્યું. જતાં જતાં કહેતો ગયો, ‘માસી, સમય મળે તો જરૂરથી આવશો.’

તુલસી બહાર આવી. હાર્દિક એની અમેરિકન વહુને લઈને આવ્યો હતો. તુલસીને પગે લાગ્યો, એની આંખ ભરાઈ આવી. હાર્દિક અમેરિકનને પરણ્યો એવું જાણ્યાં પછી તુલસીની એની સાથેની વાતચીત મર્યાદિત બની હતી. માની મમતાને હાર્દિકે દગો દીધો એમ તે અવારનવાર કહેતી. એણે મનમાં ઈચ્છ્યું હતું કે ઍરપૉર્ટ પર એ એકલો જ આવે. ફોન અને પત્ર દ્વારા જે રોષ તે બતાવી નહોતી શકી તે ક્રિસ્ટીનાની ગેરહાજરીમાં વ્યક્ત કરવો હતો. પણ આ શું? ગોરી ચામડીવાળો, ટૂંકા પણ સોનેરીવાળવાળો હસતો ચહેરો એની નજીક આવ્યો. ‘હાઈ મૉમ’ કહીને તે એને પગે લાગી. તુલસીથી બોલાઈ ગયું, ‘અખંડ સૌભાગ્યવતી રહેજે’ પણ પછી મનમાં વિચાર્યું એ શું સમજવાની હતી? એણે ક્રિસ્ટીનાના માથા પર હાથ મૂક્યો. એને સ્પર્શ થતાં જ ક્રિસ્ટીના અગમ્ય આવેશથી તુલસીને ભેટી પડી. કેટલીક ક્ષણો સુધી એને વળગી રહી. એ સ્પર્શમાં બંને પક્ષે સીધો અને સહજ સ્વીકાર હતો.

લૉસ ઍન્જલસના ફ્રીવે પર હાર્દિકની ગાડી દોડી રહી. ‘મમ્મી, સોહની કેમ છે?’થી માંડી અલકમલકની વાતો એ કરતો રહ્યો. ક્રિસ્ટીના વચ્ચે વચ્ચે અંગ્રેજીમાં કહેતી, **'What's she saying?' 'fill me in , please'** અને વિના કારણ તુલસીની સામે જોઈ હસતી. તે હંમેશની જેમ હાર્દિક સાથે આગળ ન બેસતાં પાછળ તુલસીનો હાથ પકડીને બેઠી. એના સ્પર્શમાં તુલસી સ્નેહની ઉષ્મા અનુભવતી. ઘરે પહોંચતાં તો અંધારું થઈ ગયું. હાર્દિકે ગાડીમાં બેસીને જ ગરાજ ડોર ખોલ્યું. નાનકડું ને અત્યંત સાદાઈથી ગોઠવેલું ઘર જોયું. તુલસી ખુશ થઈ. બન્ને જણ તુલસીને તેના બેડરૂમમાં લઈ ગયાં. ‘મમ્મી, આ તારો બેડરૂમ!’ તુલસી જોઈ જ રહી, ટેબલ પર પતિનો ફોટો, ઉપર સુખડનો હાર.



તુલસીને ક્રિસ્ટીનાએ બાથરૂમ બતાવી. ગરમ-ઠંડા પાણીનો નળ બતાવ્યો, નહાવાનું પૂછ્યું. બધી વાતો અત્યંત સ્નેહથી ઈશારા અને 'ટુવાલ', 'ગરમ પાની' 'ટાઢુ પાની', 'ફુવારો' ,'નલ', 'દાજતી નઈ' એવાં તૂટક તૂટક શબ્દોથી સમજાવતી રહી. તુલસી જ્યારે ડાઈનિન્ગ ટેબલ પર આવી ત્યારે હાર્દિક અને ક્રિસ્ટીનાએ મળીને ખીચડી શાક બનાવેલાં, બંનેના વર્તનમાં સહજતા, સરળતા ને નર્યો સ્નેહ! તુલસીને થયું અહીં આવવામાં શાને મોડું કર્યું!

રાતે સૂતાં પહેલાં હાર્દિક તુલસીના પલંગ પર આવીને બેઠો, 'મમ્મી, ક્રિસ્ટીના કેવી લાગી? ગમી તને?' તુલસીને યાદ આવ્યું. યશે આમ જ પૂછ્યું હતું સોહની વિશે. એની આંખો ભરાઈ આવી. એણે હાર્દિકને પોતાની નજીક બેસાડ્યો. એણે વાત્સલ્યથી એની પીઠ પસવારી. ક્રિસ્ટીના બારણામાં આવી ઊભી રહીને જોઈ રહી હતી. તુલસીએ એને પણ ખાટલા પર બેસવાનો ઈશારો કર્યો. એને થયું ક્રિસ્ટીનાને આઠમો જતો હશે. ક્રિસ્ટીનાએ તુલસીનો હાથ પકડ્યો ને પોતાના પેટ પર મૂક્યો. એને હાર્દિકને અંગ્રેજીમાં કહ્યું,**'Ask mom to bless the baby as she did you'** હાર્દિકે ગુજરાતીમાં સમજાવ્યું, 'મને આપ્યાં તેમ આશીર્વાદ બેબીને પણ આપ એમ કહે છે' તુલસી હસી.

સવારે તુલસી નાહીને પરવારી. એ બહાર આવે તે પહેલાં હાર્દિક અને ક્રિસ્ટીનાએ આવીને તુલસીનો હાથ પકડ્યો. એને ઘરના પ્રવેશદ્વાર આગળ લઈ આવ્યાં. ક્રિસ્ટીનાએ હાર્દિકને કહ્યું, **'Ask mom to close her eyes'** એણે બારણું ખોલ્યું. તુલસી ચાર ડગલા ચાલી. એણે આંખો ખોલી-આ શું? એ આશ્ચર્યથી જોઈ જ રહી. હાર્દિક કહેતો હતો, 'મમ્મી, મારી પાસે એક ફોટો હતો. એ જોઈ જોઈને ક્રિસ્ટીનાએ આ જાતે જ એક તુલસીક્યારો બનાવ્યો. એણે મારી પાસેથી તુલસી એટલે શું ત્યાંથી માંડીને એની માંજર સુધીની બધી વાતો જાણી લીધી છે. મમ્મી, તું તારા બેડરૂમનો પડદો ખસેડીશ તો તને તુલસીના દર્શન થશે થશે. ને જો દીવો મૂકવા માટે નાનકડો આ ગોખ અને આજે...'પણ હાર્દિકના શબ્દો તુલસીના કાને નહોતા પડતા, એ તો તુલસીક્યારાને ભરી આંખે જોઈ જ રહી ને પછી પ્રણામ કરતાં બોલી પડી, 'આ, હું અહીં આવી કે મારો તુલસીક્યારો?'

## મનસુખ
### હિમાંશી શેલત
(વાર્તાસંગ્રહ 'અંધારી ગલીમાં સફેદ ટપકાં'માંથી સાભાર. )



મનસુખના શબ્દો આ ઘરમાં કોઈ સુધી પહોંચે નહિ. એટલે લાગે કે જાણે એને અવાજ જ નથી. એના શબ્દો હવામાં ધૂળની રજકણ જેવા તરે, અને પછી ક્યાં અટવાઈને અદૃશ્ય થઇ જાય એ કોને ખબર? પણ નાનકાની વાત અલગ છે. એની વાતોમાં આખું ઘર ફસાયું છે આજકાલ. એના અવાજની એક કરકરી ધાર છે, એનો આગવો પ્રભાવ છે.

'આ પ્લાન આવી ગયો છે. અહીં પાર્કિંગ પ્લેઈસ આવશે. આ બાજુ પગથિયાં અને અર્ધ ગોળાકારમાં બધી દુકાનો ...અત્યારથી જ પડાપડી થવા માંડી છે દુકાનો લેવા માટે તો આ તો મોખરાની જગ્યા એટલે તમે જોજો તો ખરા...' નાનકો ગળું ફુલાવીને જાહેરાત કરે છે.

મકાનનો નકશો ટેબલ પર પથરાયો છે, અને બાપાજી ચશ્માં ચઢાવી બારીકાઈથી એને જોઈ રહ્યા છે. કુટુંબનું એકે એક જણ નકશા પર ઝળૂંબી રહ્યું છે. માત્ર મનસુખ એક ખૂણે બેઠો બેઠો છાપું વાંચ્યા કરે છે.

'આવોને મોટાભાઈ, તમે તો જરા યે ઈન્ટરેસ્ટ નથી લેતા આમાં, અરે, આ શૉપિંગ કૉમ્પ્લેક્સ તૈયાર થાય પછી તમે...'

બાપાજીએ સહેજ અમથી નજર મનસુખ ભણી દોડાવી કે મનસુખ સંકોચાઈને છાપાનાં પાનાં પાછળ ભરાઈ બેઠો. નાનુએ સફાઈથી નકશો વાળ્યો અને ઉપર રબ્બર ચડાવ્યું., વાળ પર છટાથી હાથ ફેરવ્યા, બારણાંમાં ઊભેલી રેણુ સામે હસ્યો અને પગથિયાં ઊતર્યો.

‘આજે જમતી વખતે રાહ જોઈએ કે નહીં? બરાબર કહીને જજો. કાલના જેવું ના થવું જોઈએ. અમે ક્યાં સુધી ખાધા વગર બેસી રહ્યાં અને પછી તમે આવ્યા જ નહિ…’

‘આવી તો રહેવાશે મોટે ભાગે, પણ બહુ રાહ નહિ જોવાની, આ હું તમને કહી રાખું , આપણો ધંધો એવો કે ક્યારેક વળી મોડું યે થઈ જાય. સાઈટ પર ધાર્યા પ્રમાણે ન અવાય.’

નાનુ-નાનકાને સ્કૂટર પર જતો મનસુખ જોઈ રહ્યો. નાનુના રૂમમમાં રંગરોગાન ચાલે છે. ઘરમાં બધું નાનુની રુચિ પ્રમાણે થાય છે કારણ કે એ નાનુ છે. આવી બધી વાતોમાં નિસાસા નાખવાનું કે જીવ બાળવાનું હવે આ ઉંમરે શોભે નહિ. મનસુખ શાંતિથી વિચારવાનો પ્રયત્ન કરતાં કરતાં ઑફિસે જવા તૈયાર થયો.

‘કહું છું આ લોકો અગાશીમાં એક બીજો રૂમ લેવાના છે અને રસોડું કદાચ અલગ કરશે. તમે ય હવે છૂટું જ કરી દો ને! ક્યાં લગી મારે ઢસરડા કરવાના? હવે ગરમી વેઠાતી નથી લાંબો વખત, રેણુ કંઈ હાથ દેતી નથી. બા સમજે બધું પણ નાનુભાઈને લીધે રેણુને કંઈ કહેવાનાં નથી. મારે માથે જ બધું…’

મનસુખ ભાનુ સામે બોલ્યા વગર જોયા કરે છે અને પછી રસ્તા પર નીચું જોઈ ચાલવા માંડે છે. આવતી જતી ભીડને જોતાં વિચારે છે કે આમાંના દરેક માણસને કોઈ ને કોઈ પ્રોબ્લેમ તો હશે જ…પોતે કંઈ એકલો નથી પ્રોબ્લેમવાળો…

‘તમારા તરફ બે રૂમવાળો નાનકડો ફ્લૅટ ભાડે મળે ખરો કે?’ ગોઠવી ગોઠવીને વાડેકરને, મહેતાને અને છેવટે પાનવાળાને પૂછે છે.

‘ફ્લૅટ તો અબઘડી બતાવું, પણ ભાડું મારી નાખે યાર, આપણા જેવાને પોસાય નહિ, એનાં કરતાં નોંધાવી દે એક ફ્લૅટ, તારી તો મિલકત મોટી છે, ભાગ છૂટો કરાવી લે, અને લઈ લે એક ફર્સ્ટ ક્લાસ ફ્લૅટ…’, પાનવાળો ચપટી વગાડે છે.

‘ને હવે તો ખાસ તકલીફ વગર લોન પણ મળે છે. નિરાંતે હપ્તા ભર્યા કરવાના, કોઈ ચિંતા જ નહિ…’

ફાઈલોમાં ડૂબતો, બહાર નીકળતો મનસુખ પોતાના ફ્લૅટની કલ્પના કરતો રહે છે. એક એવી જગ્યા જયાં બહાર પોતાના નામની તક્તી લગાવી હોય, પેટીઓ ગોઠવીને, ઉપર ચાદર પાથરીને બનાવેલા ટેબલ પર નાસ્તો કરવા ન હોય, ટેબલ એટલે રીતસરનું ટેબલ, ચળકતી સપાટીવાળું. ભાનુ રસોડામાં એની મરજી પ્રમાણે રસોઈ બનાવતી હોય. અત્યારે ટી.વી. જોતી વખતે છેક ખૂણામાં એ, ભાનુ અને જયેશ જેમ બેસે છે એવું નહિ. પોતાના ફ્લૅટમાં આરામથી પગ લંબાવીને ટી.વી. જોઈ શકાય…કેવી બાદશાહી, બસ, એક નાનો ફ્લૅટ જો હોય પોતાનો તો આખી દુનિયા જખ મારે છે…કોઈની સાડાબારી રાખવાની નહિ પછી. બાપુજી અને નાનકાને કહી દેવાનું એકવાર ચોખ્ખે ચોખ્ખું કે મારે વધારે કંઈ નથી જોઈતું. મિલકતનું તમારે જે કરવું હોય એ કરો. મારે તમારા શૉપિન્ગ સેન્ટરમાંથી કંઈ કમાણી નથીકરવી. મારે તો અલગ રહેવું છે, સ્વતંત્ર, મારી રીતે…

બાપુજીનું તો મોં આખું નાનકા ભણી જ છે. પૈસા લાવવાનો છે હવે એટલે સ્તો! એમને એમ કે નાનકો ભૂપતરાયને અમર કરી જવાનો…હશે, એ લોકોનું જે હોય તે, આપણને આપણો ફ્લૅટ મળી જાય એટલે પત્યું. પછી કોઈ પંચાત રાખવાની જરૂર જ નથી.

વાડેકર નકામો છે. એને વાત કરી તો કહે એમ ફ્લૅટ રેઢા પડ્યા હશે…લેવા જાવ એટલે ખબર પડશે કેટલી મગજમારી છે તે. અને ફ્લૅટમાં કંઈ ઓછી મુસીબત નથી હપ્તા ભરવાના, આડોશપાડોશ સાથે બને ન બને, પાણીની મુસીબત, અરે જાત જાતની ઝંઝટ હોય છે

એમાં...કમરતોડ વ્યાજ સાથે હપ્તા ભરવાના ને જોડે ઘર તો ચલાવવાનું જ ને! મંદિરને ઓટલે કંઈ ભીખ માંગવા ઓછું બેસાય? નોકરી કેટલી બાકી હવે? મળી મળીને કેટલું મળવાનું, પછી સ્વતંત્ર થઈને ય શું કરવું છે...આટલાં કાઢ્યાં તો થોડાં વધારે ખેંચી કાઢ...

કુલ નવ માણસની રસોઇ કરવાની હોય છે ભાનુએ. રોટલીની કણક જોઈ મનસુખને ગભરામણ થઈ આવે છે. વાર તહેવારે એકાદ ચીજ વધારે બનાવવાની હોય તો મનસુખના હાથપગ ઠંડા થઈ જાય છે. રેણુ તો બહુ હોંશિયાર બાઈ છે, બધું પતી જાય પછી આવીને પૂછી લે કે મદદની જરૂર છે...

સારું છે કે જયેશ ભણી રહેવા આવ્યો છે. કાલે સવારે નોકરીએ લાગશે એટલે આ કેદમાંથી છૂટ્યા જ સમજો. પાછલાં થોડાં વર્ષો સાવ સ્વતંત્ર જીવી શકાયું તો યે ક્યાં! જીવતરનો થાક એમ તરત ઊતરી જશે. આ તો કશું કર્યા વગર પણ થાકી જવાય એવો ઘાટ છે. સવારે દાઢી કરતી વખતે નાના અમથા અરીસામાં મનસુખને પોતાનું મોં દેખાતું નથી બરાબર. બાપાજી, નાનકો ને બીજાં બધાં જ આગળ આવ્યાં કરે છે. ઘરમાં સવારથી સાંજ સુધીમાં એનું નામ બોલાતું હોય એવું યે સાંભળ્યું નથી કોઈએ, એ આખે આખો ભૂંસાઈ ચાલ્યો આ તો...એ પહેલાં તો ગમે ત ેમ કરીને ઘર થઈ જાય તો સારું...

જયેશ પરીક્ષાનું વાંચે છે અને ઝીણી નજરે કૅલેન્ડરમાં જોઈ દિવસો અને મહિનાઓ ઓળંગી મનસુખ જયેશની નોકરી સુધી ઠેઠ પહોંચી જાય છે. લોનના હપ્તા નિયમિત ભરાય છે, મનસુખને કોઈ વાતે ચિંતા નથી. જયેશની નોકરી તો બહુ સરસ---

‘જો ભાઇ, પરીક્ષા વખતે એકદમ શાંતિથી લખેજે. સહેજ પણ ઉતાવળ કરતો નહિ...’

‘આ લવિંગ રાખ જોડે, બહુ ખાંસી થઈ છે તે શાંતિથી પેપર નહિ લખાય...’

‘કેવું ગયું પેપર? બધું બરાબર લખાયું ને? લાવ પેલી ગરમ ગરમ પેટિસ, છોકરા જોડે નાસ્તો કરીએ જરા...’

નાનુના રોફથી હવે દબાયેલા રહેવાનું નથી. થોડા દિવસોની જ તો વાત છે. કાલે સવારે જયેશ ભણી રહેશે, પગ પર ઊભો રહેશે, બસ પછી તો...એ હવે ક્યાં કોઈના ઓશિયાળા રહેવાના છે?

‘તારે માટે એકાદ બે ઠેકાણે નોકરીની વાત કરી જ રાખી છે. તું જરાયે ચિંતા કરતો નહિ. રિઝલ્ટ આવશે ત્યાં સુધીમાં બધું નક્કી થઈ જશે...’

જયેશ બોલે છે ઓછું, પણ ડાહ્યો છોકરો છે. કાલે ઊઠીને કામે લાગશે એટલે બધું બરાબર થઈ જશે. નોકરી માટે શહેર છોડી દેવું પડે તો ય વાંધો નહિ. હવે તો બાપાજીને સાફસાફ કહી દેવું છે કે જયેશ મોટો થયો તે અમને ઘર નાનું પડશે. એ પરણે કરે ને ઠરીઠામ થાય એટલે બધાં કંઈ આટલાંમાં ન સમાઈ શકે. એ કરતાં પહેલેથી જ બીજે જોગવાઈ કરી હોય તો સારું, ને ભાનુ ક્યાં લગી આખા ઘરનું વૈતરું કરવાની હતી, લખાવી નથી લાવી એ કંઈ...બધું નાનકાને રેણુના દેખતાં જ કહીશ, સાચી વાત કહી દેવાની હિંમત હોવી જોઈએ માણસમાં, તે હોત તો આ દશા જ ન થાત કદાચ...

‘આપણે નોકરી માટે બહારગામ જવું પડે તો પણ વાંધો નથી હં કે...તું તારે સંકોચ વગર જ્યાં ઠીક લાગે ત્યાં અરજીઓ કરવા માંડજે, મારે ય હવે વધારે વરસ નથી અહીં, ને જગ્યા કે ઘરનો એવો મોહ નથી...’

જયેશ આભો થઈને મનસુખને તાકી રહે છે. ‘નોકરી? મારે વળી નોકરી કરવાની શી જરૂર છે?’

'વાંધો નહિ, ધંધાનું વિચાર્યુ હોય ને સાહસ કરી શકે એમ લાગતું હોય તો યે ખોટું નથી, ઊલટું વધારે સારું એ તો, આજકાલ તો નવા ધંધા માટે...'

'પણ બાપુજી, નવા ધંધાની વાત ક્યાં આવી? મને તો કાકાએ આપણા શૉપિન્ગ સેન્ટરમાં બેસવાનું કહ્યું છે, ઘરને છતે ધંધે નોકરીની ગુલામી...તમારી તો કોઈ વાત મને સમજાતી નથી, ખરેખર...આવો વિચાર વળી તમને ક્યાંથી આવ્યો?'

મનસુખ ચૂપચાપ બેઠો છે, મનોમન પેલા ફ્લૅટ બહાર લાગેલી પોતાના મનની તકતી કાઢી નાખતો...

## અજબ હમારી આ દુનિયા!
### કિશોર રાવળ

હમણાં એક મિત્રે મને એક વેબસાઈટ મોકલી અને એ જોતાં હું ખુશ ખુશ થઈ ગયો.

લો આ રહ્યું એ સાઈટનું નામ **"http://worldebookfair.com/Collections.htm".** કરો ક્લિક **World EBook Fair**

કંઈ પ્રશ્નો કર્યા વગર એક સાઈટ પર જઈને જોવા વિનતી તો કરું જ પણ તમને કમ્પ્યુટર પર જઈને જોવાની તક મળે એ દરમિયાન થોડી વાત કરું. એક મહિના માટે, ૪ જુલાઈથી ૪ ઑગસ્ટ સુધી, અહીં ચોપડીઓની લહાણી છે. દુનિયાની લગભગ સો ઉપરની ભાષાઓમાં લખાયેલી, ત્રણ લાખ ચોપડીઓ એક પણ પૈસાના ખર્ચા વગર તમે તમારા કમ્પ્યુટરમાં સાચવી શકો છો અને પછી મન ફાવે ત્યારે વાંચી શકો છો. ગમી જાય તો તમારા કમ્પ્યુટરના પ્રિન્ટર પર છાપી શકો. રંગીન ચિત્રોવાળી ચોપડીઓ રંગીન પ્રિન્ટર હોય તો રંગોમાં છાપી શકો છો. પછી બુકબાઈન્ડિન્ગનો ખરચો તમારે ભોગવવાનો રહે.

જો એ એક મહિનાનો ગાળો ચૂકો, તો વરસના માત્ર નવેક ડૉલર (રૂ. ૪૦૦)માં તમને એ ભંડારના બારણાં બારે મહિના સુધી ખુલ્લાં! આટલું સસ્તું, અને આટલું બધું આપણને વળી ક્યાં મળવાનું?

સમી સાંજે યમન-કલ્યાણની ગત ગવાતી હોય કે બજાવાતી હોય, પરદા ઉપર 'રોમન હૉલિડે'માં ઑડ્રી હૅપબર્નનું સ્મિત જુઓ-એને શબ્દોમાં મૂકી જ ન શકાય. અને છતાં એ જોવાનો, એ સાંભળવાનો ચેપ તમને લગાડવા થોડા શબ્દો અહીં મૂકવામાં મન થોભતું નથી.

છાપવાની કળા શોધનાર ગુટેનબર્ગને માન આપવા 'પ્રોજેક્ટ ગુટેનબર્ગ' અને 'વર્લ્ડઈબૂક લાઈબ્રેરી' એ બે સંસ્થાઓએ દુનિયાને ખૂણે ખૂણે ચોપડીઓ પહોંચાડવાની એક ઝુંબેશ ઉપાડી છે. આ પુસ્તકો 'ઈબુક'ના (ઇલેક્ટ્રોનિક વડે વાંચી શકાય એવી ચોપડીના) સ્વરૂપમાં છે. ઇન્ટરનેટ પરથી લોકો જોઈતાં પુસ્તકોને પોતાના કમ્પ્યુટરમાં ખેંચીને સંઘરી શકે છે. કોઈ કડાકૂટ કે ટૅકનીકલ મારામારી વગર વાંચી શકાય ત ેવાઁઘખ (ઁાિચમની ઘ્બેસીહા ખ્સિચા)માં હોય છે. એમાં દરેક પુસ્તક 'આટલાં અમુક પાનાંનો સંગ્રહ' એમ યોજી શકાય છે. પાનાની સાઈઝ, હાંસિયાની સાઈઝ, પૅરૅગ્રાફ, મથાળાંઓ, ચિત્રો, આલેખનો, હસ્તાક્ષરો, આકૃતિઓ, સુશોભનો ...જે જે કાગળના પુસ્તકમાં 'ફ્લૅટ'રૂપમાં મૂકી શકાય તે બધું જેમનું તેમ મૂકી શકાય છે. અને ગમે તે કમ્પ્યુટર પર એ જ રૂપમાં વાંચી શકાય છે.

આ પીડીએફ ફોર્મેટ 'અડોબી સિસ્ટમ'ની અવનવી, સૌને સહજતાથી મળી શકે અને બધાં જ કમ્પુટરોમાં હોય જ એવી એક સગવડ છે. પણ અહીં એની ચર્ચા મૂકી દઈએ.

આ સંગ્રહમાં આ વર્ષે ૩ લાખ પુસ્તકો છે અને ૨૦૦૯ સુધીમાં દસ લાખ લોકો સમક્ષ મુકાશે. એમાં કયા કયા વિષય પરના પુસ્તકો છે એની ઝાંખી કરીએ. આ સાઈટ પર પહેલા પાને જ એક સુચી છે. એ જોતાં એનું વૈવિધ્ય અને સભરતા નજરે પશે. એક લેખકોનો વિભાગ છે જેમાં

લેખકો પોતાની કૃતિઓ મૂકી શકે છે. એક બાળકોની ચોપડીઓનો વિભાગ છે એમાં સચિત્ર ચોપડીઓ આવી આંખે વળગે એવી છે. ગણિત, દાક્તરી જ્ઞાન, કવિતાઓ, શીટ મ્યૂઝિક(સંગીતના નોટેશનો), ફિલોસોફી, દુનિયાના ખ્યાતનામ લેખકોની કૃતિઓ (શેક્સ્પીઅર, માર્ક ટ્વેઇન, આર્થર કોનનડોય્લ, હોમર....)

આમાં ઑડિઓ, સાંભળી શકાય તેવી ચોપડીઓ પણ છે. વાર્તાઓ, ગીતો, નાટકો....અને સેલ ફોન પર ડાઊનલોડ કરી સાંભળી શકાય તેવી કૃતિઓ પણ છે.

ગુજરાતી જ વાંચતા હોય એને માટે કંઈ નજરે નથી પડતું પણ એ પ્રશ્ન હલ કરવો એ પણ આપણા ઉપર અને આપણા લેખકો ઉપર છે. ગમતાંનો ગુલાલ કરવાની આ વાત છે. લાભ ઉઠાવીએ અને સામે આપણો ફાળો પણ ઉમેરીએ.

## કાચી કેરી, પાકી કેરી



યાદ છે પેલું પોપટનું ગીત?

પોપટ આંબાની ડાળે
પોપટ સરવરની પાળે
પોપટ કાચી કેરી ખાય
પોપટ પાકી કેરી ખાય
પોપટ મજા કરે!

લો આ કાચી પાકી કેરીઓ અને મજા કરો .

## નથી ભાયડાઓ ભવ્ય આ ભૂતળ પરે?

(સૌજન્ય : કૌશિક અમીન)









### વન્દેમાતરમ્ - પંડિત ઓમકારનાથ ઠાકુર

(સૌજન્ય : કનક રાવળ)

કનક રાવળને ક્યાંકથી આ સંગીત મળી ગયું અને એમની વર્ષો પહેલાં માણેલી એક સાંજની યાદ તાજી કરાવી ગઈ. આજે પણ યાદ છે ૧૯૩૮ની એ સાંજ જે શરૂ થઈ રાતના સાડા નવે અને સવારના ચાર વાગ્યા સુધી ચાલુ રહી. ઓમકારનાથની ગાયકીનો પહેલો, એ અનુભવ.

એ સાંભળવા તમારે ઇન્ટરનેટ પર જઈને નીચેની લિન્ક પર જવું પડશે.

**http://www.sawf.org/audia/kafi/ot_kafi_vandemataram.ram**

## આપણી વચ્ચેના વિરલાઓ

એક બંધુએ નવું ફ્રિજ લીધું અને જૂના પણ હજુ બરોબર ચાલતાં ફ્રિજનો નિકાલ કાઢવાનો પ્રશ્ન હાથમાં લીધો. ફ્રિજ ઘરની બહાર મૂકી દીધું અને એક પૂંઠાનું પાટિયું બનાવી એના ઉપર લટકાડ્યું ‘મફત, તદ્દન મફત’.

ત્રણ દિવસ ફ્રિજ પડ્યું રહ્યું પણ કોઈ હાથ લગાડવા તૈયાર ન નીકળતું. પછી એ ભાઈએ એક તુક્કો કર્યો. પાટિયું બદલાવ્યું અને લખ્યું ‘ફક્ત ૫૦ ડૉલર" અને રાતના કોઈ આવીને ચોરી ગયું!

---

અમે ઘર શોધતાં હતાં અને એક એજન્ટ બહેન એક ઘર દેખાડવા અમને લઈ ગયાં. અમે પૂછ્યું કે ઉત્તર દિશા કઈ બાજુ છે કેમકે સવારનો ત ડકો બેડરૂમમાં નીંદર ઉડાડે એ ન પરવડે. પેલાં બહેન પૂછે, ‘સૂરજ ઉત્તરમાં ઊગે છે?’ મેં સમજાવ્યું, ‘વર્ષોથી સૂર્ય પૂર્વમાં ઊગતો આવ્યો છે અને હજુ એમ જ થવા વકી છે." તો જવાબ મળ્યો, "ભણવામાં હું ભૂગોળમાં કાચી હતી..."

---

ઍરોપ્લેનની મુસાફરીને અંતે મને ખબર પડી કે મારો સામાન ગેરવલ્લે ગયો હતો એટલે ‘મદદ’ માટેની બારીએ ગયો. એક નમણી સુસ્મિતાએ મને તેનું ઉત્તમોત્તમ સ્મિત આપી શાતા આપી, ‘તમે ખોવાયેલો સામાન શોઢી આપનાર એક્સ્પર્ટ પાસે આવ્યા છો, ચિંતા ન કરતા. તમારો પ્રોબ્લેમ હાથમાં લઈએ. પહેલાં પ્રથમ, તમારું પ્લેઈન આવ્યું છે કે નહિ?’

---

પિત્ઝા પાર્લરમાં બેઠાં હતાં. એક ભાઈ આવ્યા અને પિત્ઝાનો ઓર્ડર કર્યો. ‘સાથે લઈ જવો છે એટલે બૉક્સમાં આપજો." દુકાનવાળાએ વિવેકથી પૂછ્યું, "પિત્ઝાના છ ટુકડા કરું કે આઠ?" એક પળ વિચાર કરી પેલા ઘરાકે કહ્યું, "છ જ કરજો, આઠ ખાવા જેટલી મને ભૂખ નથી."

---

હું અને મારો મિત્ર રસ્તે જતાં હતા અને ટેવ મુજબ જોવા જેવા ચહેરાઓ જોઈ અરસપરસ વિચારોની આપલે કરતા હતા. બીજી બધી રીતે જોવી ગમે તેવી એક સોળ વર્ષની બાલિકા આવતી જોઈ. એણે નાકે મોટી નથડી પહેરી હતી અને કાને મોટી વાળી હતી અને બન્ને વચ્ચે એક ઝીણી સાંકળી બાંધેલી. મારા દોસ્તને એક પ્રશ્ન ઊભો થયો, ‘આ ડોકું એક બાજુ મરડે તો સાંકળી ખેંચાઈ નહિ જતી હોય?’ ...મારા મિત્ર પરથી મારું મૂલ્યાંકન તો કરશો નહિને?

---

બે ટાઈમઝોનની બોર્ડર પર અમારી દવાની દુકાન હતી. એક માઈલ પશ્ચિમમાં જાઓ તો ઘડિયાળમાં એક કલાક ઓછો કરવો પડે. એક દિવસ એક ફોન આવ્યો. ‘તમારા ટાઈમિન્ગ્ઝ શું છે?’ મેં કહ્યું, ‘વરસમાં હરહંમેશા ચોવીસે કલાક ખુલ્લા’ રોજની ટેવ મુજબ બીજો પ્રશ્ન પૂછાયો, ‘કયો ટાઈમ ઝોન? ઈસ્ટર્ન કે સેન્ટ્રલ?’ ટૂંકે પતાવવા મેં કહ્યું, ‘ઈસ્ટર્ન’

---

## પટેલ રૅપ

(સૌજન્ય : કનક રાવળ)

‘રૅપ’ એટલે તડબડ તડબડ તાલમાં અવનવા પ્રાસ રચાતાં, ગવાતાં જોડકણાંઓ. સામાન્યતઃ આના વિશારદો તો સ્ફૂરણા થાય તેમ શબ્દો જોડતા જાય અને ગાતા જાય. એમાં વિનોદ હોય, કટાક્ષ હોય અને પિચકારીના રંગોથી જીવન રંગતી અનેરી મોજ હોય! જાણે કે ગઝલના શાયરો તાનમાં આવી ગુલાલ ઉડાડતા જાય અને નાચતા ન જાય!

આપણા એક પટેલ ઈન્ગલેન્ડમાં જઈ બન્યા મિસ્તર પટેલ! ત્યાં મારુનાં ભજિયાં ખાતાં ખાતાં, અમેરિકાના સપનાં સેવતાં આ રૅપ ઘૂંટ્યો. મિસ્તર પટેલનો રૅપ સોંભરવાં ઑઈ જરા તમારે ઈન્ટરનેટ પર જઈને નીચેની લિન્ક પર જવું પડશે. થાવા દ્યો બાપલા!

**http://www/kesuda.com/kesuda/mag42/MrPatelRap.mp3**

## દ્વિઅર્થી ચિત્રો

**'A picture is worth 1000 words!'** હજાર શબ્દોનું તો આપણું ગજું નથી. જુઓ આ બબ્બે શ બ્દોની રચના!










## લગ્નાભિલાષિણીઓ ચેતો,

માસાચ્યુસેટ્સના એક હિંદુ કુટુંબની વાત છે. તેમના દીકરાનોઆ સંબંધ ભારતના કોઈ કુટુંબની કન્યા સાથે વગર હળ્યે-મળ્યે થયેલો. અને હવે એ કુટુંબે દેશના કુટુંબ પર ૨૦૦,૦૦૦ ડૉલરનો દાવો માંડ્યો છે કે કન્યાનો રંગ, ઈંગ્લિશ બોલવાની છટાનો અભાવ અને બહાર નીકળતી દંતાવલિઓને લીધે એમના પુત્રને યોગ્ય નહોતાં. ખોટો ચિતાર આપી દીકરાને ફસાવવા માટે અને તેના આખા કુટુંબને એક માનસિક યાતનામાં નાખવા બદલ આ રકમ માગી છે.

પ્રશ્ન એક જ મનમાં ઉઠે છે કે એક બે ફોટા મોકલવાથી અને એક બે ફોન કૉલ કરી જે વસ્તુની ચકાસણી થઈ શકે તે કરવાનું કોઈને કેમ ન સૂઝ્યું?

## દિલ્હી દેખો, બમ્બઈ દેખો

હમણાં યાહૂ પર ટચૂકડા સિનેમાનો ખજાનો મળી આવ્યો. દેશદેશાવરના માણસો નાનકડી, બે-પાંચ મિનિટની, ફિલ્મો બનાવી અહીં મૂકી શકે છે. ટુચકાઓ, વિવિધતા ભરી જાહેરાતો, હૃદય-સ્પર્શી વાતો, ટેક્નોલોજિના પ્રયોગો, ઐતિહાસિક નોંધો ઘણું ઘણું જુદું જોવા મળે. ખાલી વિડ્સિઓ.યાહૂ.ઓમ પર જાઓ અને કંઈ કેટલાં રમકડાંનો ખજાનો હાથમાં આવે. ગમી જાય તે તમારા મિત્રોને મોકલી શકો, સંઘરવું હોય તે કમ્પ્યુઅટરમાં સંઘરી શકો.

અહીં બે નમૂનાઓ આપું છું. એક છે કમ્પ્યુટર વાપરી ટચ-સ્ક્રીન વડે આવતી કાલની ટેક્નોલોજિમાં ડોકિયું કરાવે છે. અને બીજું કાર પાર્ક કરવાનો સહેલો સટ તરીકો...તાકાત હોય તો અપનાવજો, હા, હા, હા, હા! (એ જોવા તમારે ઇન્ટરનેટ પર જઈને ‘કેસૂડાં’ જોવું પડશે.)

## ફિલ્માલય

### રમેશ કજારિયા

(રમેશ કજારિયા ન્યૂ જર્સીમાં રહે છે અને ફિલ્મના ભારે રસિયા છે, ભારતીય કરતાં બીજી ફિલ્મોના ખાસ! રહે છે તે ગામની લાઈબ્રેરીમાં દર મહિને એક પસંદ કરેલું મૂવી લોકોને દેખાડે છે અને સાથે તેનું રસદર્શન પણ કરાવે છે. વરસમાં એક વાર ‘વૂડી ઍલનનું જીવન અને સિદ્ધિઓ’ પર ત્રણ કલાકનો પ્રોગ્રામ આપે છે. મારા આગ્રહને વશ થઈ તે એમનાં ગમતાં મૂવીઝ વિષે અહીં લખવા તૈયાર થયા છે. અંગ્રેજીમાં જ લખે છે એટલે કંઈ ગડબડ હોય તો તે મારા ભાષાંતરની જ હશે. કિશોર રાવળ)

## Scoop

મર્માળા અને જરા સૂક્ષ્મ વિનોદના રાજ્ઞા વૂડી ઍલનના મૂવીઝ, સામાન્યતઃ તો હાસ્ય-પ્રધાન હોય છે . ‘સ્કૂપ’ હસાવે તો છે જ પણ સાથે હર પળે શું થશે શું થશે એવી એક જિજ્ઞાસા પણ છેલ્લે સુધી સતેજ રાખે છે. તેનાં મૂવીઝમાં ભૂમિકા ન્યૂ યૉર્કની હોય છે. આ ચિત્રને બેસાર્યું છે લન્ડનની ભૂમિકા પર એટલે જરા જૂદી મહેક લાવે છે.

‘સ્કૂપ’માં પત્રકારત્વની એક અમેરિકન વિદ્યાર્થિની સૉન્ડ્રા લન્ડન પોતાના મિત્રોને મળવા આવે છે એની એક જરા ‘લારીલપ્પા’ જેવી પણ મજા આવે તેવી વાત છે. લન્ડનમાં તે કોઈ જાદૂગરનો શો જોવા જાય છે અને જાદુગર સ્પ્લેન્ડીની (વૂડી એલન) સૉન્ડ્રાને સ્ટેઈજ પર અવી એક ‘ડિસઅપીઅરિન્ગ ઍક્ટ’માં ભાગ લેવા આમંત્રે છે. સૉન્ડ્રાને એક કબાટમાં ઊભી રાખી અંદર પૂરે છે. પૂરાયા પછી સૉન્ડ્રાને એક વિચિત્ર વ્યક્તિની મુલાકાત થાય છે. તાજેતરમાં જેનું ખૂન થયું છે તેવા એક પત્રકારત્વના એક બીજા વિદ્યાર્થી જો સ્ટ્રૉબેલનું ભૂત મળવા આવે છે. એ ભૂત સૉન્ડ્રાને જગત હલબલાવી નાખે એવી એક માહિતી આપે છે કે પીટર લાઈમેન નામનો એક પૈસાદાર બાપાનો પૈસાદાર દીકરો લંડનમાં ‘ટૅરોટ કાર્ડ કિલર’ના નામે ઓળખાતો પોલિસને હાથતાળી આપતો માણસ છે. અને લંડનમાં સનસનાટી ફેલાવી દીધી હતી. એ ભૂત સોન્ડ્રાને વિનવે છે કે તેણે આમાં વધુ ઊંડા ઊતરી ડબલ-રોલમાં જીવન જીવતા એ પીટરને ખુલ્લો પાડવો જોઈએ. સોન્ડ્રા પેલા જાદુગરની મદદ લઈ તપાસ શરૂ કરે છે અને એમ કરતાં પીટર સાથે પ્રેમમાં પડે છે. જેમ જેમ એ વધુને વધુ પ્રેમમાં પડતી જાય છે તેમ તેમ એ વધુ વમળોમાં ઊતરતી જાય છે.

૯૬ મિનિટ્સ સુધી ‘સ્કૂપ’ તમને આનંદ અને આશ્ચર્યમાં ગરકાવી રાખે છે. એથી વધુ તમે વૂડી પાસેથી શું માગી શકો?

## Paradize Now

આ ફિલ્મ વેસ્ટ બૅન્કમાં વસેલી ટેરરિઝમ અને સૂઈસાઈડ બૉમ્બરની બિહામણી દુનિયામાં ડોકિયું કરાવે છે. હૅની આબુ-અસાદે તેની પટકથા લખી છે અને એનું દિગ્દર્શન કર્યું છે.

ઝકડી રાખે તેવી આ વાર્તા પૅલેસ્ટાઈનના બે ગરાજ મિકેનિક દોસ્તો સૈયદ અને ખાલેદની આસપાસ ઘૂમે છે. વાર્તા ઘણી આડીઅવળી ઘૂમરીઓ ખાય છે. વેસ્ટ બૅન્કમાં નાબ્લુસમાં આ બન્નેને ભરતી કરવામાં આવે છે. ઇરાદો એવો હતો કે ઇઝરાઈલમાં ઘૂસી પોતાને એક ધડાકે ઉડાડી દઈ સાથોસાથ ઇઝરાઈલના સોલ્જરોનું નિકંદન કરવાનો. આ સફળતાપૂર્વક પાર પડશે કે કેમ તેની તેમને મનમાં શંકા તો છે જ અને ત્યાં એમાં ઉમેરાય છે એક સુહા જેને સૈયદ તરફ જરા આકર્ષણ થઈ જાય છે. યુદ્ધ અને શાંતિની ચર્ચાઓ બધી ખોરવાઈ જાય છે. એ છોકરીને આ લોકોના પ્લાનનોકોઈ ખ્યાલ જ નથી. એના શબ્દો આ શહીદીને વરવા જનારાઓ પર એક વાદળની જેમ ઘેરાય છે. સુહા મોરોક્કોથી ફ્રાન્સ વાટે આવી ચડેલી હોય છે. પેલેસ્ટાઈનની ભભૂકી ઉઠે એવા પરિસ્થિતિમાં આ એક જ કોઈ નૈતિક સૂર ફેલાવે છે.

સુઈસાઈડ બૉમ્બરની ભયજનક દુનિયામાં ડોકિયું કરાવી છેલ્લી ઘડી સુધી તમને લાગણીના મોજાંઓમાં ટગવી રાખે છે. અને તમારી નેવું મિનિટ તમને બાંધી રાખે છે.

જાણવા જેવું: ડાઈરેક્ટર છે પેલેસ્ટાઈનનો અને જન્મેલો ઇઝરાઈલમાં. આ ફિલ્મ બનાવવા પૅલેસ્ટાઈન, ઇઝરાઈલ અને બીજા દેશોના માણસોની ટોળકી બનાવેલી અને બધા દેશોમાંથી તેમને આ ફિલ્મ બનાવવા ધમકીઓ આપવામાં આવી હતી.

## Earth

કેનેડાની લેખિકા અને દિગ્દર્શક દીપા મહેતાની આ ફિલ્મ ફિલ્મ-ત્રિપુટિમાંની એક છે. ૧૯૯૭માં ફાયર, ૧૯૯૭માં અર્થ અને ૨૦૦૬માં વૉટર બહાર પાડી. આ ૧૯૪૭ના ઑગસ્ટની હૃદય વીંધતી, દુઃખદાયક આ વાત છે જયારે ભારતને અંગ્રેજોએ સ્વાતંત્ર્ય આપ્યું. બાપ્સી સિધવાની 'ક્રૅકિન્ગ ઓવ ઇન્ડીઆ' આત્મકથાનક અંશોવાળી નવલકથા ઉપર આધારિત એ સમયની યાદો તાજી કરાવે છે.

૧૯૪૭ના લાહોરમાં વાર્તાની રજૂઆત થાય છે. ઐતિહાસિક પ્રસંગો આસપાસ વણાયેલી આ પ્રેમકથા અવનવી તાકાતવાન બની છે. આ બન્ને પાસાની વણાટથી આ મૂવી નીરસ, સૂકું ડોક્યુમેન્ટરી ચિત્ર બની જવામાંથી બચી જાય છે. આ ફિલ્મના પ્રસંગો એક ૮ વર્ષની, ખોડંગાતી પારસી છોકરી લેનીની આંખે રજુ કરવામાં આવ્યા છે. લેનીની આયા શાંતા હિંદુ છે. શરમાળ શાંતા એક ચંપીવાળા હસન સાથે પ્રેમમાં પડે છે. તેના પરિચયમાં એક દિલ નવાઝ છે પણ શાંતાને એના તરફ પ્રેમ નથી. પૈસેટકે સુખી અને પ્રેમાળ પારસી કુટુંબ વચ્ચે રહેવું શાંતાને માફક આવી ગયું છે. એ બિચારી લોકોમાં પ્રસરતા કોમવાદથી તદ્દન અજ્ઞાત છે. સ્વતંત્રતા પહેલાં હિંદુ, મુસ્લીમ અને શીખ મિત્રો બાજુના એક બગીચામાં અવારનવાર ભેગાં થાય અને ઘણીવાર રાજકારણની વાતો નીકળતાં છંછેડાઈ પણ જાય. અને છતાં, સૌને મનમાં એક શ્રદ્ધા હતી કે આપણે બધાં હળીમળીને સાથે રહી તો શકશું જ.

અને અચાનક જ, ૧૯૪૭ની ૧૫મી ઑગસ્ટે, હિન્દુ મુસલમાનો વચ્ચે ફાટી ભભૂકી ઉઠેલ તિરસ્કાર અથવા હિન્દુસ્તાન પાકિસ્તાનના ભાગલા પડ્યા પછી ફાટી નીકળેલા રમખાણોને કેમ હલ કરવા તેની કોઈ પરવા વગર અંગ્રેજો નીકળી ગયા. ભાગલા પડ્યા પછી ઉચાળાભરી લોકોના દળના દળ પૂર્વથી પશ્ચિમ અને પશ્ચિમથી પૂર્વ ઊમટ્યા અને ખૂનખાર અનાચારો થયા. લોહી તરસ્યા લોકોને અને તેમાંથી પરિણમતી ગમખ્વાર ઘટનાઓને લીધે લેનીની બાળકસહજ નિર્દોષતામાં ગાબડાં પડ્યાં.

૧૦૪ મિનિટના આ કથન વચ્ચે થોડું કંટાળા જનક બને છે પણ દીપા મહેતાએ લાખો માનવીઓની કત્લેઆમ થઈ એ ઇતિહાસની પળો જે સંવેદનાથી અહીં કંડારી છે તે માટે તેમને ધન્યવાદ ઘટે જ.

એક નાની નોંધ: પાકિસ્તાનમાં બાપ્સી સિધવાની આ નવલકથાને સાહિત્યના ક્ષેત્રમાં ઘણું જ સન્માન મળ્યું હતું અને તે છતાં 'અર્થ' મૂવી પર પ્રતિબંધ ઠોકી દેવામાં આવ્યો હતો. ભારતમાં છએક જગાએ સેન્સરબોર્ડે કાપ મૂક્યો હતો એમાં એક બહુજ સુરુચિસભર 'બેડરૂમ સીન' પણ હતો.

## મનમાનીતી



## Left to tell by Immaculeee Ilibagiza

ચન્દ્રેશ ઠાકોર

ડૉ. વેઈન ડાયરનો કાર્યક્રમ હું એક દિવસ જોતો હતો. ડૉ. ડાયર એની લાક્ષણિક રીતે શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી રહ્યા હતા. વિષય હતો ‘આંતરબળ’નો! સહજ નિપુણતાથી એમની વાતનો દોર એક આફ્રિકન યુવતી તરફ અને એ યુવતીના જીવનમાં વણાઈ ગયેલી એક લાંબી કથની તરફ વળ્યો. એ યુવતીની ત્રણ-ચાર મહિનાની પ્રસંગોપાત અનુભુતિનું ટૂંકું પણ રૂંવાડાં ઊભાં કરી દે તેવું, અત્યંત અસરકારક વર્ણન સાંભળતા શ્રોતાઓ ભાવવિભોર થઈ ગયા. અને પછી ડૉ. ડાયરે એ યુવતીને સ્ટેઈજ પર આવવા આમંત્રી.

એ નમ્ર અને આકર્ષક યુવતીનું નામ હતું ઈમેક્યુલી ઈલીબાગિઝા (ૈસસચબેનીીૈનેમચયૈડચ). આફ્રિકાના રવાન્ડા દેશમાં જન્મેલી, ઉછરેલી. રવાન્ડામાં મુખ્ય જાતિઓ બે-ટુટ્સી અને હુટુ. આ બે પ્રજામાં વર્ષોથી પરસ્પરનાં વેરઝેર અને ખુન્નસભર્યા પૂર્વગ્રહો. ઘેર ઘેર માટીના ચૂલા એ રૂએ દેશ દેશે એ જ આંતરિક તકરારો, બે માનવજૂથનીવચ્ચેની મડાગાંઠો. વર્ષો જૂના આ ભારેલા અગ્નિએ ૧૯૯૪ની સાલમાં એક ભીષણ આગ સળગાવી. હુટુઓ અને ટુટ્સીઓ સામસામે. પણ સત્તાનો દોર હુટુઓના હાથમાં. એ સત્તાનો દુરુપયોગ થવા લાગ્યો અને એ સત્તા એક જીવલેણ દુઃસત્તા બની ગઈ. હજારો ટુટ્સીઓની કત્લેઆમ થઈ ગઈ, એમની મિલકતો, અને એમનાં કુટુંબો વેરણછેરણ થઈ ગયાં.

એમેક્યુલી જાતે ટુટ્સી. એના પિતા સરકારમાં સારી પદવી પર. હુટુઓનું સામ્રાજ્ય પણ ગામના અને દેશના એ ગણનાપાત્ર ટુટ્સી નાગરિક. હિંદુસ્તાનમાં જેમ ઘણાંયે કુટુંબોને મુસ્લિમ કટુંબો સાથે ગાઢ સંબંધ હોય છે તેમ એમેક્યૂલીના કુટુંબને પણ ઘણાં હુટુ કુટુંબો સાથે સંબંધ. પણ ૧૯૯૪ના દાવાનળ માં એવો સમભાવ ભડકે બળી ગયો. હુટુઓની દૃષ્ટિએ ટુટ્સીઓ કટ્ટર વેરી બની ગયા. ઈમેક્યુલીનું કુટુંબ પણ એવા વેરનું ભોગ બન્યું.

એ દાવાનળની શરૂઆત થઈ ત્યારે એક હુટુ પાદરીએ, પોતાના જાનના જોખમે, ઈમેક્યુલીને આશરો આપીને બચાવી દીધી. એ કત્લેઆમવાળા સંઘર્ષના ત્રણ મહિના ઈમેક્યુલીએ ક્યાં, કોની સાથે, કેવી રીતે વિતાવ્યા એ માનવજીવનના આત્મબળની એક અદ્ભુત વાત છે. અને એવા કઠિન દિવસોમાંથી પસાર થઈને અંતે, પોતાના કુટુંબને હોમી દેનાર અને પોતાને અસહ્ય શારીરિક તેમજ માનસિક જુલમમાં ઝબોળી ઝબોળીને પીડનાર દુશ્મનને માફ કરતી ઈમેક્યુલીના આત્મબળની સિદ્ધિની આ વાત છે.

ઈમેક્યુલી એમ માને છે કે માનવ જીવનમાં કોઠે પડી ગયેલા વેરઝેરની, એવા વેરઝેર થકી નીપજતા અંધકારની અને એવા અંધકારની સામે ઝઝૂમી માનવપ્રેમનો પ્રકાશ ફરી માણવા અનિવાર્ય તેવા આત્મબળની વાત કહેવા માટે જ ઈશ્વરે તેને જીવતી રાખી. અને એ ઈમેક્યુલીએ એ વાત કરી છે એના એક પુસ્તકમાં જેનું નામ છે ‘લેફ્ટ ટુ ટેલ’ ...વેરઝેર, આંતકવાદ, સહનશક્તિ શ્રદ્ધા, પ્રેમ, માનવમનની ઉદારતા, અને ઈશ્વરની ખોજને સરસ રીતે સાંકળતું એ પુસ્તક ખૂબ જ મનમાનીતું થઈ પડ્યું છે.



## રસીલી મકાઈ

કોકિલા રાવળ

## સામગ્રીઓ

| પ્રમાણ | માપ | સામગ્રી |
|---|---|---|
| ૨ | | કૂણી મકાઈના ડોડા, સાફ કરેલા |
| ૧/૨ | ચમચી | મીઠું |
| ૬ | ચમચા | તેલ |
| ૧/૪ | કપ | ચણાનો લોટ |
| ૧/૪ | કપ | શિંગનો ભૂકો |
| ૩ | કપ | પાણી |
| ૧/૨ | ચમચી | મીઠું |
| ૧/૪ | ચમચી | લાલ મરચાની ભૂકી |
| ૧/૮ | ચમચી | હળદર |
| ૧ | ચમચી | ધાણાજીરું |
| ૧/૨ | ચમચી | આદુ, ખમણેલું |
| ૧ | | લીલું તીખું મરચું, બારીક કાપેલું |
| ૧ | ચમચી | ખાંડ |
| ૧ | | ટમેટું, કાપીને ટુકડા કરેલું |
| | | કોથમરી |

## રીત

૧. મકાઈના ડોડા ડૂબે એટલું પાણી અને અંદર ૧/૨ ચમચી મીઠું નાખો. દાણાં આસાનીથી છૂટા પાડી શકાય તેવા કૂણા થાય ત્યાં સુધી બાફો. એક ડોડાના દોઢ ઈંચ જેવડા ટુકડા કરો.

૨. તેલ ગરમ કરી અંદર શિંગનો ભૂકો અને ચણાનો લોટ ધીમે તાપે જરા બદામી થાય ત્યાં સુધી શેકી નાખો.

૩. ૩ કપ પાણી ગરમ કરી ધીમે ધીમે રેડો. બેએક કપ તો સીધા નાખો પછી હલાવતા જાઓ અને રસો જેટલો પાતળો કરવો હોય તેટલું વધું પાણી નાખો. પછી બાકીનો મસાલો, બીજી ૧/૨ ચમચી મીઠું, ટમેટા નાખો. ખદખદે એટલે મકાઈના ટુકડા રસામાં નાખી દસેક મિનિટ વધુ ખદખદવા દો.

૪. ઉપર કોથમરી નાખી પીરસો. રોટલી, થેપલાં સાથે ખાવાની મજા આવશે. રસામાં બોળતાં બોળતાં અને દાણા કાઢી ખાતાં જવાની મજા પડશે...

## તમારાં ફૂલો



**Mahendra Shah (Pittsburg)**

**Read your article "Vataayan khulatan" in July issue of Kesuda. I agree 100% with you. Sahityakaars, kavis, pundits, kathaakaars come to USA from India, they enjoy their stay here with our hospitality & make fun of us! and we sit back and clap our hands in appreciation! Rajnish used to do same thing, didn't want to leave America, but he was after Americans! I admire your writing. Very few news papers will do " Aalochana". They just pretend like they are neutral, but they are not.**

**Ramesh kajaria ( NJ)**

**I have read all the issues of KESUDA that are in pdf files. I am waiting to read the rest after you put them in pdf format. It brings memories of my teenage days when I used to read KUMAR. Particularly, I like the Gazals that you try to include in every issue. In KUMAR, I enjoyed reading Gazals. Sketches and drawings sprinkled throughout the issue give it an esthetic look.**